Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી આત્માનંદ પ્રકાશ

પુસ્તક ૪૯ મું. આત્મ સં. ૫૫ સંવત ૨૦૦૭.
અંક ૧ લો. તા. ૧૫-૮-૫૧ શ્રાવણ



વાર્ષિક લવાજમ રૂા. ૩-૮-૦ પોસ્ટેજ સહિત.

પ્રકાશક:-
શ્રી જૈન આત્માનંદ સભા,
ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા.


૧ પ્રભુ પ્રાર્થના ( નવા વર્ષ માટે ) ... ... ( શ્રી હેમેન્દ્રસાગરજી મહારાજ ) ૧

૨ નૂતનવર્ષનું મંગળમય વિધાન ... ... ... ... ( શ્રીયુત ફતેહચંદ ઝવેરભાઈ ) ૨

૩ શાંતિથી વિચારવા યોગ્ય ... ... ... ( લેખક કમળાબ્હેન સુતરીયા ) ૮-૨

૪ નયચક્ર ગ્રંથ અને બૌદ્ધમત સાહિત્ય ( લેખક મુનિરાજશ્રી જમ્બૂવિજયજી મહારાજ ) પા. ૯

૫ શંકા અને સમાધાન ( સમાધાનકાર આચાર્ય મ૦ શ્રી વિજય લબ્ધિસૂરીશ્વરજી મહારાજ ) પા. ૧૩

૬ સ્વીકાર સમાલોચના ... ... ... ... ... ... ... પા. ૧૫

૭ વર્તમાન સમાચાર ... ... ... ... ... ... ... પા. ૧૬

૮ લંડન વ્હાઇટ હોલમાં આવેલી બ્રીટીશગવરમેન્ટની કોમનવેલ્થરીલેશન ઓફીસ તરફથી
પ્રમાણ સમ્મુચય ગ્રંથના ભેટ મળેલ ફોટાઓ ... ... ... ... ... ૧૬



## કલિકાળસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય મહારાજકૃત-

### શ્રી ત્રિષષ્ઠિશ્લાકા પુરુષ ચરિત્ર મૂળ.

( બીજો ભાગ-પર્વ ૨, ૩, ૪. ) ( શ્રી અજિતનાથ પ્રભુથી શ્રી ધર્મનાથ પ્રભુ સુધી )

ત્રણ પર્વો સુમારે પચાશ ફોર્મમાં સુંદર ઉંચા લેઝર પેપર ઉપર સુંદર શાસ્ત્રી ટાઈપમાં નિર્ણય-સાગર પ્રેસમાં પ્રતાકાર તથા બુકાકારે બંને સાઇઝમાં છપાઇ તૈયાર થયો છે, હજી સુધી વધતી સખ્ત મોંઘવારીને લઇને સુંદર કાર્ય કરાવતાં ઘણો મ્હોટો ખર્ચ થયો છે. કિંમત પ્રતાકાર રૂા. ૧૦ બુકાકારે રૂા. ૮) પોસ્ટેજ જુદું.

**પ્રથમ ભાગની જુજ બુકાકારે સિલિકે છે જે જ્ઞાનભંડારોમાં રાખવા જેવી છે. કિંમત છ રૂપીયા પોસ્ટેજ અલગ.**

## શ્રી પાર્શ્વનાથ પ્રભુ ( સચિત્ર ) ચરિત્ર.

( ઘણી થોડી નકલો સિલિકે છે. )

### પરમાત્મા શ્રી પાર્શ્વનાથ પ્રભુ ચરિત્ર. સચિત્ર ( કિંમત રૂા. ૧૩ )

આ શ્રી પાર્શ્વનાથ પ્રભુ ચરિત્ર સચિત્ર, સુંદર, આકર્ષક અને આત્મકલ્યાણ સાધનારૂં હોવાથી જૈન સમાજમાં પ્રિય થઇ પડવાથી, જિજ્ઞાસુ જૈન બંધુઓ અને બ્હેનો આ ચરિત્ર ગ્રંથ ભેટ મંગાવે છે, **જેથી હવે પછી નવા થનારા લાઈફ મેમ્બર બંધુએ અને બ્હેનોએ રૂા. ૧૦૧) લાઈફ મેમ્બર ફીના તથા રૂા. ૭) શ્રી પાર્શ્વનાથ પ્રભુ ચરિત્રના મળી રૂા. ૧૦૮) મોકલી આપશે તેમને ( સિલિકમાં હશે ત્યાં સુધી ) ભેટ આપવામાં આવશે.**


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આ સભાના માનવંતા પેટ્રન—

# ઝવેરી મગનલાલભાઈ મૂળચંદ શાહ—મુંબઈ

477

મુંબઇ શહેરમાં ઝવેરી લલ્લુભાઇ ગુલાબચંદના નામથી ચાલતી પેઢીના માલેક, સંચાલક શ્રી મગનલાલભાઈ જેમ મુંબઈમાં એક સારા વ્યાપારી–શ્રેષ્ઠિ તરીકે સુપ્રસિદ્ધ છે, તેમ જૈન સમાજમાં તેઓશ્રી અગ્રગણ્ય જોવાય છે. જૈન સમાજમાં ઘણી સંસ્થાઓમાં કોઈ સ્થળે માનદ સેક્રેટરી, ટ્રસ્ટી અને કેટલીએક સંસ્થામાં સેવાભાવી સલાહકાર સભ્ય પણ છે. ધાર્મિક સંસ્કારો તો વંશપરંપરાથી વડિલોથી ઉતરી આવેલા છે.

સદ્ગત વડિલ શેઠ લલ્લુભાઇ દીપચંદ ઉપરોક્ત ચાલતી પેઢીના માલેક, અને સંચાલક હતા તે પેઢીનો વહીવટ કરવા સાથે પોતાની આખી જિંદગી સુધી સુપ્રસિદ્ધ **શ્રી જીવદયા મંડળી**ના મુખ્ય સંચાલક પણ તેઓ હતા, તેટલું જ નહિં પરંતુ આ સંસ્થાદ્વારા તન, મન, ધનથી કરેલી પશુ રક્ષા, અબોલ પ્રાણીઓને બચાવી પાળેલી જીવદયા જે અનુપમ હતી, તેના માટે મળેલ જીવદયા વારીધિનો ઇલકાબને પણ જીવનભરમાં શોભાવ્યો હતો. એ જ જીવદયા મંડળીના માનદ સેક્રેટરીનું સ્થાન (વડિલે આપેલો અમૂલ્ય વારસો) શ્રી મગનલાલભાઇ હાલ સંભાળી–શોભાવી રહેલા છે. આવા પુણ્યશાળી પુરુષે આ સભાનું પેટ્રન પદ અમારી વિનંતિથી સ્વીકારેલ હોવાથી સભા આભાર માને છે. અને પરમાત્માને પ્રાર્થના છે કે શ્રી મગનલાલભાઇ દીર્ઘાયુ થઈ આધ્યાત્મિક, શારીરિક, આર્થિક લક્ષ્મી પ્રાપ્ત કરી આત્મકલ્યાણ વિશેષ સાધે.

---

શ્રીયુત મગનલાલભાઈ પાસે સભાના ધોરણ પ્રમાણે ફોટોગ્રાફ અને જીવનચરિત્ર માટે માંગણી કરતાં તેઓશ્રીએ અમારી માંગણી સ્વીકારી નહિ, છતાં જૈન સમાજમાં આવા પુણ્યશાળી જીવદયા પાલક, અથવા કોઇને કોઈપણ પ્રકારે નિઃસ્વાર્થ સેવા કરનારા અગ્રેસર જૈન બંધુઓની આ અથવા બીજી કોઈપણ કોઇ રીતે અનુકરણીય કે જરૂરીયાતવાળી હકીકત હોય તે પ્રગટ કરવી યોગ્ય ધારી મૂકેલ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ.

... પ્રકાશક:—શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર ...

વીર સં. ૨૪૭૭. શ્રાવણ. પુસ્તક ૪૯ મું.

વિક્રમ સં. ૨૦૦૭. :: તા. ૧૫ મી ઓગસ્ટ ૧૯૫૧ :: અંક ૧ લો.

## નવા વર્ષ માટે પ્રાર્થના

( રાગ-કલ્યાણ )

જીવન ઉજ્જવળ આપો નાથ ! જીવન ઉજ્જવળ આપો,
ભવ ભય દુઃખને કાપો નાથ ! જીવન ઉજ્જવળ આપો.

મનસા વાચા કર્મવડે હું, હિત સર્વનું સાધું;
અષ્ટ પ્રહર અન્તરમાં તુજને, પ્રેમ ધરી આરાધું. જીવન૦ ૧

પ્રાણી માત્રે સમતા ભાવે, તુજમય સઘળું માનું;
સ્થળ સ્થળ તુજને રમતો ભાળું, રાજ્ય બધે સમતાનું. જીવન૦ ૨

પુણ્ય પંથના ઉત્તમ ભાવો, મુજ ઉરમાં ઉભરાવો;
કામ ક્રોધાદિ શત્રુને, મુજથી દૂર હઠાવો. જીવન૦ ૩

તૃષ્ણા મમતાકેરા ભાવો, ના મુજને ભરમાવે;
પરમાર્થે જીવન મુજ જાયે, એવા ભાવો ભાવે. જીવન૦ ૪

નિશ્ચલ ભાવે જગમાં વિહરું, શ્રેય કરું સૌ જગનું;
વિશ્વ પ્રેમનો મંત્ર ગજાવું, પુણ્ય ભરું નરભવનું. જીવન૦ ૫

કર્મ કષાયો દૂર હઠાવું, એ બળ મુજને આપો;
ડગલે ડગલે સાથી બનજો, મુજ રગ રગમાં વ્યાપો. જીવન૦ ૬

અજિત સ્થાનમાં સ્થાપો પ્રભુજી ! અક્ષય કીર્તિ માગું;
વાચક હેમેન્દ્રે શુભ-ભાવો, જન્મમરણ દુઃખ ત્યાગું. જીવન૦ ૭

રચયિતા—**ઉપાધ્યાય હેમેન્દ્રસાગરજી-પાટણ** ( ઉ. ગુ. )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# नूतन वर्षनुं मंगलमय विधान.

सर्वव्याप्येकचिद्रुप–स्वरूपाय परमात्मने ।
स्वोपलब्धिप्रसिद्धाय, ज्ञानानन्दात्मने नमः ॥

" સર્વવ્યાપી( સર્વને દેખનાર અને જાણનાર ), એક ચૈતન્ય( શુદ્ધ ચૈતન્ય ) જેનું સ્વરૂપ છે અને જે આત્મિક અનુભવવડે પ્રસિદ્ધ છે તે જ્ઞાનાનંદમય ( જ્ઞાન અને આનંદસ્વરૂપ ) ઉચ્ચ આત્માને નમસ્કાર હો ! "

—पंचलब्धि.

## પ્રકાશનું આંતરદર્શન.

જે પ્રસંગે સમગ્ર પ્રાણીસૃષ્ટિમાં કલ્યાણકારી વર્ષાઋતુનું આગમન થયા પછી ચિત્તમાં પ્રસન્નતાની ઊર્મિઓનો સંચાર થઈ રહ્યો છે, તે વર્ષાઋતુથી આનંદજનક બનેલ તેમજ છેલ્લા દિવસોમાં પર્યુષણ પર્વારાધનની શરૂઆતવાળા શ્રાવણ માસમાં આજના મંગલમય પ્રભાતે શુદ્ધ દેવ, ગુરુ અને ધર્મની કૃપાથી **" શ્રી આત્માનંદ પ્રકાશ "** ઓગણપચાસમા વર્ષમાં પ્રવેશ કરે છે. પૂર્વ પ્રણાલિકા પ્રમાણે સ્વગત વિચારે છે કે–જગતમાં સૂર્ય, ચંદ્ર, દીપક, વિદ્યુત્ વિગેરે અનેક પ્રકાશો છે પણ એ સર્વ કરતાં અનંતગુણ ચડીયાતો આત્માનો પ્રકાશ છે કે જે કાળ, સ્વભાવ, નિયતિ, ઉદ્યમ અને કર્મરૂપ પાંચ કારણને અનુસરીને જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપદ્વારા વ્યક્ત થાય છે. કેવળજ્ઞાનીઓએ પાંચે કારણોમાં પુરુષાર્થની મુખ્યતાવડે આ પ્રકાશને સંપૂર્ણપણે પ્રકટાવેલો છે; એ કેવળજ્ઞાનરૂપ મહાસાગરનું હું એક બિંદુ છું; છતાં એ બિંદુનું પણ જગતમાં અસ્તિત્વ છે; કર્મોથી સંપૂર્ણ ક્ષય ઉત્પન્ન થતાં અનંતજ્ઞાનપ્રકાશનું મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનરૂપ ક્ષાયોપશમિક જ્ઞાન નિમિત્ત છે ઉપાધ્યાયજી શ્રી **યશોવિજયજી જ્ઞાનસાર**માં કહે છે કે " કૃષ્ણપક્ષ( મિથ્યાત્વ ) ક્ષીણ થયે છતે અને સમ્યક્ત્વ શુક્લપક્ષ ઉદયમાન થયે છતે બીજનો ચંદ્ર જેમ પૂર્ણિમાનો ચંદ્ર બની જાય છે. " તેમ ક્ષાયોપશમિક જ્ઞાન 'ક્ષાયિકરૂપ' અનેક જન્મોના શુભ પ્રયત્નો પછી બની જાય છે, ત્યારે શ્રુતજ્ઞાનરૂપ શરીરદ્વારા બાહ્ય અને આંતર્ જગતમાં મારાથી યથાશક્તિ કાર્ય બની શકયું છે? ગતવર્ષમાં વ્યાપક જ્ઞાન સમષ્ટિમાં વ્યક્તિરૂપે જૈનદર્શનના ઉચ્ચ તત્ત્વોને લક્ષ્યમાં રાખી અનેકાંતદષ્ટિનાં ઉચ્ચ રહસ્યો સમાજને સમર્પ્યાં છે ? વાસનાઓથી બલહીન બનેલા અને મધુબિંદુની માફક ઓતપ્રોત થયેલા સંસારી જીવોને સત્કર્મ અને દુષ્કર્મનું ભાન કરાવ્યું છે ? તર્કવાદી જ્ઞાન કરતાં ચારિત્ર( Character )ની ભૂમિકા ઉચ્ચતર છે તે દર્શાવવા સાથે **ज्ञानस्य फलं विरतिः ।** એ સૂત્રનું રહસ્ય યથાશક્તિ સમજાવ્યું છે ? સંસારચક્રમાં જન્મ અને મૃત્યુ અનિવાર્ય અને સહજ છતાં આત્માના અનાદિઅનંતપણા તરફ લક્ષ્ય રાખી માનવ વાચકોની આત્મભૂમિકાને તૈયાર કરી સ્વાવલંબનપૂર્વક પ્રગતિમાન થવા પ્રેરણા કરી છે ?–મનોયોગદ્વારા વિચાર કરતા ફલિત થાય છે કે–અવશ્ય સુંદર પરિણામ આવ્યું છે. જગતમાં પ્રત્યેક સ્થૂલ વસ્તુ સ્વનિમિત્તવડે આત્માને જગાડે છે. સૂર્યના ગ્રહણથી **કીર્તિધર** રાજા અને અકાળે વૃદ્ધ થઈ ગયેલા વૃષભથી જેમ **કરકંડુ** રાજાને આત્મજાગૃતિ થઈ હતી, તદનુસાર આત્મા ગુણગ્રાહી હોય તો પ્રભુમૂર્તિ અને શાસ્ત્રો પુષ્ટાલંબન હોવાથી આત્મજાગૃતિ અર્પે તેમાં આશ્ચર્ય નથી. લેખો એ શાસ્ત્રનાં નિર્ઝરણાંઓ હોવાથી આત્માને અંતરાવલોકન ( Introspection ) માટે થાય એ સ્વતઃ સિદ્ધ છે; જેથી પ્રસ્તુત પત્રનો રચનાત્મક હેતુ જૈન સિદ્ધાંતાનુસાર મનુષ્યોને કર્મયોગી બનાવવાનો છે. ઓગણ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પચાસ વર્ષ થયાં તેના અસ્તિત્વનો એ જ ઉદ્દેશ છે. તેમજ આત્મસ્વભાવ કે જે અનાદિકાળથી કર્મોથી આવૃત થયેલો છે તેના પ્રકટીકરણના સંસ્કારો લેખકો અને વાચકો આ અમૂલ્ય માનવ જન્મમાં મેળવી શકે તે માટે છે. જૈન દર્શનના રાજમાર્ગ-રાજયોગથી આત્મપ્રકાશ પ્રાપ્ત કરવા માટે શ્રીમદ્ દેવચંદ્રજીએ ઠીક જ કહ્યું છે કે-"અપ્રશસ્તતા રે ટાળી પ્રશસ્તતા, કરતાં આશ્રવ નાસેજી; સંવર વાધે રે સાધે નિર્જરા, આત્મસ્વભાવ પ્રકાશેજી."

**સંજ્ઞા-પ્રેરણા.**

૪૯ની સંજ્ઞા એ દ્રવ્યશ્રુત છે પણ તે આત્માને ભાવશ્રુત ઉત્પન્ન કરવાનું કારણ છે. ચાર અને નવની સંખ્યા, નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવરૂપ ચાર નિક્ષેપથી નવપદજીની વિચારણા માટે ઉત્તમ બોધ સમર્પે છે. મુક્તિ માટે યોગના અસંખ્ય પ્રકારોમાં નવપદજીને ગીતાર્થોએ પુષ્ટાલંબન કહેલું છે; 'એમ નવપદ ગુણ મંડલં-ચઉ નિક્ષેપ પ્રમાણેજી' એ શ્રીમદ્ ઉ૦ શ્રી યશોવિજયજીના વાકયાનુસાર નવપદનું નામ-સ્મરણ, યંત્રપૂર્વક નવપદજીની સ્થાપના, નવપદજીનું રહસ્ય આત્મા સાથે મેળવવાનાં સાધનોરૂપ દ્રવ્ય નિક્ષેપ અને 'ભેદ છેદ કરી આતમા, અરિહંતરૂપી થાય રે' વિગેરે દરેક પદોનો નિશ્ચયાર્થ આત્મા સાથે ઘટાવી આત્માને તદ્રૂપ બનાવવો એ ભાવ નિક્ષેપનો પુરુષાર્થ આત્મામાંથી જ એવંભૂત નયે પ્રકટાવવાનો છે. તે પ્રકટતાં આત્માનો સહજ આનંદ પ્રાપ્ત થતાં આઠ કર્મોથી અવરાયેલ પ્રકાશ ક્રમે ક્રમે પ્રકટે છે. પુણ્યયોગે મળેલ માનવજન્મમાં આત્માનો પ્રકાશ પ્રકટાવવાની આ ચાવી હાથ લાગી જાય તો મનુષ્યજીવનની અને પ્રસ્તુત પ્રકાશના લેખોનો ઉદ્દેશ સાર્થક થઇ જાય. આવા જ કાંઈ શુભાશયથી પ્રસ્તુત આત્માનંદ પ્રકાશ પૂ૦ મુનિવરોના તથા ધર્મ શ્રદ્ધાવાન સદ્ગૃહસ્થોના લેખોરૂપી ચાવીઓથી આત્મજાગૃતિ માટે કાર્ય કરી રહ્યું છે; પરંતુ વાચકો પોતે યથાશક્તિ ગ્રહણશીલ થઇ આત્મવિકાસ સાધી શકે તે માટે ઉપાદાન કારણરૂપ આત્મા તૈયાર હોય ત્યારે જ બની શકે.

કાળ અનાદિઅનંત છે અને આત્માનું અસ્તિત્વ પણ અનાદિઅનંત છે; અનંતકાળનું આક્રમણ તેના ઉપર થવા છતાં આત્મા તેને પચાવી ગયો છે; અનંતકાળ પર્યાયોરૂપે ખલાસ થઇ ગયો છે પણ આત્માના અસંખ્ય પ્રદેશોમાંથી એક પણ પ્રદેશનો હ્રાસ કરી શકયો નથી. આવું આત્માનું અનંત બળ છે પરંતુ અનાદિ અભ્યાસથી કર્મોવડે સ્થાપિત સત્તાથી તે નિર્બળ બની ગયો છે. પરંતુ મોક્ષ-પ્રાપ્તિ માટે રાજમાર્ગવાળા જિન સિદ્ધાંતો અને અનુષ્ઠાનો અર્થાત્ જ્ઞાન અને ક્રિયાદ્વારા આત્મબળ જાગૃત થતાં 'અજકુલગત કેસરી લહે રે નિજપદ સિંહ નિહાળ'રૂપ જ્યારે પોતે પોતાને જૈન દર્શનના સિદ્ધાંત અનુસાર ઓળખી લે છે. પછી કર્મની સાથે આત્મા ઉપમિતિભવપ્રપંચા કથાકારના કથન પ્રમાણે આંતર્ યુદ્ધ શરૂ કરે છે અને મોહનીય કર્મની સામે શ્રદ્ધા, સંવેગ, આત્મા અને જડ તત્ત્વની વહેંચણીરૂપ વિવેક, વ્રત, જિનપૂજા, સામાયિક, પ્રતિક્રમણ, દેશવિરતિપણું અને સર્વવિરતિપણું, અપ્રમાદ વિગેરે સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રમય અનેક શસ્ત્રોથી યુદ્ધ કરતાં કરતાં છેવટે જડ કર્મ ઉપર અનાદિઅનંત ચૈતન્યનો વિજય થાય છે અને કર્મ પરિણામ તથા કાલપરિણતિના પરાધીનપણામાંથી મુક્ત થઇ હમેશને માટે નિશ્ચય વ્યવહાર-બંને દૃષ્ટિબિંદુથી-અજર-અમર બને છે. આ વસ્તુસ્થિતિ માટે જ તીર્થંકર પરમાત્માની વાણીમય શાસ્ત્રોનો વિશાળ પ્રયાસ છે અને તેનાં નિર્ઝરણારૂપ આત્માનંદ પ્રકાશના લેખોનો પણ શુભ હેતુપૂર્વક અલ્પ પ્રયાસ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## આત્માનંદ પ્રકાશ અને નયવાદ.

જૈન દર્શનના સ્યાદ્વાદ માર્ગ અનુસાર પ્રત્યેક પદાર્થમાં સાત નયોનું અવતરણ થઇ શકે છે તે રીતે પ્રસંગોપાત્ત આત્માનંદ પ્રકાશને અંગે તે અવતરણ જાણવું યોગ્ય થઇ પડશે (૧) નૈગમ નયથી સર્વ આત્માઓની ચેતના (પ્રકાશ) અક્ષરના અનંતમે ભાગે ખુલ્લી હોય છે (૨) સંગ્રહ નયથી સર્વ આત્માઓની પ્રકાશ સત્તા અસંખ્ય પ્રદેશરૂપ સમાન છે (૩) વ્યવહાર નયથી આત્મા સંસારી–મુક્ત–ભવ્ય–અભવ્ય વિગેરે અનેક ભેદોરૂપ ગણાય છે (૪) ઋજુસૂત્ર નયથી પારિણામિકભાવથી આત્માનો જે સમયે જે ઉપયોગ હોય જેમકે 'કષાયાત્મા–યોગાત્મા' વિગેરે તે ગણાય છે (૫) શબ્દનયથી આત્મા આત્માના આનંદ–પ્રકાશને ઓળખી, સ્વપ્રતીતિ પ્રાપ્ત કરે તે સમ્યગ્દર્શન ગુણરૂપ હોય છે (૬) સમભિરૂઢ નયથી અષ્ટગુણસ્થાનકથી શ્રેણિમાં વર્તતાં કૈવલ્યરૂપ આત્માનંદ પ્રાપ્ત કરે તે અવસ્થા અને (૭) એવંભૂત નયથી અનંતકાળ પર્યંત આત્મા સર્વ કર્મક્ષયથી અનંતગુણની પ્રાપ્તિ સાથે સંપૂર્ણ આત્માનંદ–પ્રકાશ પ્રાપ્ત કરે તે સિદ્ધાવસ્થા. શ્રીમદ્ આનંદઘનજી શ્રી શાંતિનાથજીના સ્તવનમાં કહે છે કે–'સકલ નયવાદ વ્યાપી રહ્યો તે શિવસાધન સંધિ રે' અર્થાત્ નયો અસંખ્ય હોવા છતાં પ્રત્યેક પદાર્થનું જ્ઞાન સંક્ષિપ્તમાં સાત નયોથી કરવામાં આવતાં વસ્તુસ્વરૂપ સહેલાઇથી સમજાઇ જાય છે. બીજનો ચંદ્રમા જેમ પૂર્ણિમાએ પૂર્ણતાને પામે છે તેમ–આત્મ સ્વરૂપની વિચારણા નૈગમનયથી શરૂ થઇ એવંભૂત નયમાં વિરામ પામે છે. મતલબ કે–આત્માને પરમાત્મસ્વરૂપ બનાવવા માટે નયોની સમજણ સ્યાદ્વાદરૂપે જિનસિદ્ધાંતમાં અપાયેલ છે. સાત નયોનું એકીકરણ તે જ સ્યાદ્વાદ સિદ્ધાંત છે.

## વાતાવરણ અને સંસ્મરણો.

આપણી રાષ્ટ્રીય સરકાર સ્થપાયાને લગભગ ચાર વર્ષ થઇ ગયા છે. કોરઆનું યુદ્ધ લગભગ થંભી ગયું છે પરંતુ રશિયા તરફથી વિશ્વયુદ્ધનો ભય ઊભો થયેલો છે. કોંગ્રેસની પરિસ્થિતિ આ. કૃપલાનીના છૂટા પડવા પછી ગુંચવણ ભરેલી થઇ છે. લાંચરૂશ્વત, કાળાં બજારો અને અમલદારોની અવ્યવસ્થાઓ ચાલુ છે. પાકિસ્તાન સાચી કે ખોટી રીતે પોલાદી મુક્કો ઉગામી કાશ્મીર માટે ભારતની સરકાર સાથે લડાઇ કરવાની તૈયારી નજીકમાં બતાવી રહ્યું છે–આ રીતે અનેક વિષમ સંયોગોવાળા વાતાવરણ વચ્ચે રાજકીય નૌકા ચાલી રહેલી છે. જૈન જગતમાં ગત વર્ષમાં શ્રી **શત્રુંજયગિરિ**ની છાયામાં પૂ૦ આ૦ શ્રી **વિજયપ્રેમસૂરિજી**ની હાજરીમાં જૈન સોસાયટીમાં ભવ્ય પ્રતિષ્ઠામહોત્સવ ઉજવાયો હતો અને વિદ્વાન તપસ્વી પૂ૦ મુ૦ શ્રી **ભદ્રંકરવિજયજી** વિગેરે મુનિરાજોને પંન્યાસ પદવી અર્પણ કરવામાં આવી હતી. ધ્રાંગધ્રામાં શેઠ **પુરુષોત્તમદાસ** સુરચંદે બંધાવેલ જૈન બોર્ડીંગનું ઉદ્ઘાટન ત્યાંના **રાજસાહેબને** હસ્તે થયું હતું. રા. બા. શેઠ **જીવતલાલ પ્રતાપસિંહ** ચૌદ માસમાં નવ લાખ નમસ્કાર મંત્રની ગણનાનું અંગીકૃત કાર્ય પૂર્ણ કરીને મુંબઇ આવી ગયા હતા. તેમણે જૈન સમાજ ઉપર અન્યને અનુકરણ માટે ઉત્તમ દૃષ્ટાંત પૂરું પાડયું છે. સાહિત્યરત્ન મુ૦ **પુણ્યવિજયજી** બે વર્ષ લગભગ જેસલમેરના પ્રાચીન ભંડારો તપાસી જરૂરી પ્રતોના સ્લાઇડથી ફોટાઓ લેવરાવવાનો પ્રબંધ કરી, અવિરત પ્રયાસપૂર્વક સંશોધન કરી, સાહિત્ય–યાત્રા સમાપ્ત કરી બીકાનેર ચાતુર્માસ માટે આવી ગયા છે. શ્રી ગિરનારજીની પવિત્ર છાયામાં શેઠ **કસ્તુરભાઈ** લાલભાઇના ઉદ્ઘાટનપૂર્વક રા. બ. કાંતિલાલ ઇશ્વરલાલના પ્રમુખપદે તથા શેઠ પુરુષોત્તમદાસ સુરચંદના સ્વાગતાધ્યક્ષપણા નીચે જૈન કોન્ફરન્સનું અઢારમું અધિવેશન પૂર્ણ થયુ હતું અને દશ ઠરાવો પસાર થયા હતા. શ્રાવક શ્રાવિકા ક્ષેત્રને અંગે મધ્યમવર્ગની યોજના માટે પીસ્તાલીશ હજારનું ફંડ થયું હતું તે અખિલ ભારતને હિસાબે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઘણું જ અલ્પ ગણાય. નૂતન સેક્રેટરીઓ મધ્યમ વર્ગ માટેની વિશાળ યોજના વહેલી તકે તૈયાર કરી અમલમાં મૂકવા અવિરત પ્રયત્ન કરે અને સદરહુ ફંડ ઓછામાં ઓછું એક કરોડ રૂપીઆનું બનાવવા કટિબદ્ધ થાય તો જૈનો માટેની આ વિશાળ યોજના પાર પડી શકે. જૈન બેંક, વીમાની યોજના, મોટા નાના ગૃહ ઉદ્યોગો, કેળવણી, દવાખાનાં, ઘેર બેઠાં સારવારો મળી શકે તેવી યોજના વિગેરે અનેક કાર્યકેન્દ્રો ઉત્પન્ન થાય ને અમલમાં મુકાય તો જ મધ્યમ વર્ગનો ઉદ્ધાર થઇ શકે. સપ્રસંગ આ અમારી ખાસ સૂચના છે. ખરી રીતે જૈન સમાજમાં ઐક્યની જરૂરીઆત છે. જૈન કોન્ફરન્સ જેવી વર્ષોથી પ્રતિષ્ઠિત થયેલી સંસ્થાના સંચાલકોને તે માટે સત્વર પ્રયાસ કરવા વિનંતિ કરીએ છીએ. પછી જૈન સમાજની ઉન્નતિનાં કાર્યો ત્વરાથી થઇ શકશે એમ અમારી નમ્ર માન્યતા છે. શેઠ ભોગીલાલ મગનલાલ કોમર્સ હાઇસ્કૂલનું ઉદ્દઘાટન ભાવનગરના નેકના૦ મ૦ શ્રી કૃષ્ણકુમારસિંહજીના અધ્યક્ષપણા નીચે થયું હતું અને દોઢલાખ રૂપીયાની સખાવત શ્રી ભોગીલાલભાઇએ કરેલી હતી. પ્રસ્તુત સભાએ ખરીદેલા નવા મકાનનું નામાભિધાન 'આત્માનંદ પુણ્ય ભવન' કરવામાં આવ્યું હતું. શેઠ ભોગીલાલ મગનલાલના શુભહસ્તે સભાના મકાનમાં બીજું મકાન ભેળવતાં જ્ઞાનમંદિરનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. શેઠ મોહનલાલ તારાચંદ જે. પી. તરફથી સાહિત્ય-જ્ઞાનમંદિરનું નામાભિધાન હવે પછી કરવામાં આવશે. શત્રુંજય તીર્થની છાયામાં પૂ૦ આ૦ મ૦ શ્રી વિજયવલ્લભસૂરિજીના સંચાલકપણા નીચે છ આચાર્ય મહારાજાઓની તથા અનેક મુનિવરોની સહી સાથે શ્રી શ્રમણ સંઘે અગીઆર નિર્ણયો કર્યા હતા અને હવે પછી સાધુ સંમેલન વહેલી તકે મેળવવાની ભૂમિકા રચી હતી. જુનાગઢમાં ભારતીય સ્વયંસેવક પરિષદ્દનું છઠ્ઠું અધિવેશન શેઠ મોતીલાલ વીરચંદના અધ્યક્ષસ્થાને તેમજ શ્રી રમણિકલાલ ભોગીલાલના સ્વાગત પ્રમુખપણા નીચે સફળ રીતે મળ્યું હતું અને શ્રી કેશરીઆજી તીર્થ સંબંધમાં સાત રચનાત્મક ઠરાવો થયા હતા. તેમજ જૈન મહિલા પરિષદ પણ શ્રીમતી તારાબ્હેન માણેકલાલના પ્રમુખપદે ભરાઈ હતી. સ્વાગત પ્રમુખ ચંચળબેન ભોગીલાલ હતા. જૈન ધાર્મિક શિક્ષણ સંઘ મુંબઇના આધિપત્ય નીચે મુંબઇ તથા પરાઓની ઓગણીશ ધાર્મિક પાઠશાળાઓનું એકીકરણ થયેલ છે. સામુદાયિક વાર્ષિક પરીક્ષા લગભગ પંદરસો વિદ્યાર્થીઓની લેવાઇ ગઇ છે અને તે કાર્ય શેઠ રમણલાલ દલસુખભાઇ જે. પી.ના અધ્યક્ષપણા નીચે એક જ વર્ષમાં નવા કોર્સ સાથે તત્ત્વજ્ઞાન, અનુષ્ઠાન, કાવ્યો, પ્રશ્નોત્તરી, અર્થ અને કથા વિભાગો સાથે સારી શરૂઆત થયેલ છે. દિગંબર બંધુઓની મહેનતથી મુંબઇ હાઇકોર્ટના ચીફ જસ્ટીસ તરફથી જૈન મંદિરોમાં હરિજનપ્રવેશ ન થઇ શકે તેવો ચુકાદો આવી ગયો છે. શ્રી કેશરીયાજી તીર્થના દિગંબર, શ્વેતાંબર ઝઘડાનો નીકાલ હજી આવેલ નથી ત્યાં વૈષ્ણવીય તત્ત્વ વચ્ચે ઘૂસી ગયું છે. શેઠ કસ્તુરભાઈ લાલભાઇ કે જેમની પ્રતિભા ભારત સરકારમાં તેમજ જૈન સમાજમાં સવિશેષપણે છે તેમને સપ્રસંગ વિનંતિ કરીએ છીએ કે-આપ જૈન સમાજના ઐક્ય માટે આત્મશ્રદ્ધાપૂર્વક પ્રયાસ કરો, સાધુ સંમેલન વહેલી તકે થાય તેવો પ્રબંધ કરો, તિથિચર્ચાના ક્લેશનું નિવારણ કરવા પ્રયત્નશીલ બનો અને રા૦ બા૦ શેઠ શેઠ જીવતલાલ પ્રતાપસિંહ, શેઠ નગીનદાસ કરમચંદ, શેઠ પોપટલાલ ધારસી, રા૦ બ૦ કાંતિલાલ ઇશ્વરલાલ, શેઠ રમણલાલ દલસુખભાઈ, શેઠ બકુભાઇ મણીલાલ અને શ્રી અમૃતલાલ કાળીદાસ દોશી વિગેરે સજ્જનોનો સહકાર લઇ જૈન સમાજનું ઐક્ય પ્રકટાવો અને અહિંસા તેમજ સ્યાદ્વાદમય જૈન સિદ્ધાંતો કે જેના પ્રચારની કોઇપણ વખત કરતાં અત્યારે સવિશેષપણે જરૂર છે ( કેમકે દુનિયા અત્યારે યુદ્ધ અને હિંસાથી ત્રાસી ગઇ છે ) ત્યારે ભારતમાં તેમ પરદેશમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રચાર કેમ થાય તે માટે નિષ્ક્રિય અને નિરાશામય નહિં રહેતાં સવિશેષપણે પુરુષાર્થ ફેરવવા વિનંતિ કરીએ છીએ; તેમજ કેશરીયાજી તીર્થ માટે ઉચિત પ્રબંધ કરવા માટે સૂચના કરીએ છીએ ગત વર્ષમાં અનેક ભદ્રિક આત્માઓએ ભાગવતી દીક્ષાઓ સ્વીકારી હતી. આ રીતે દર્શન, જ્ઞાન અને ચારિત્રનાં અનેક સૂત્રો ગતવર્ષમાં થયાં હતાં. પ્રતિક્રમણ પ્રબોધ ટીકા નામનો વૈયાવચ્ચગરાણું સુધીના સંશોધન ગ્રંથના પ્રકાશન માટેનો મેળાવડો પૂ૦ આ૦ શ્રી વિજયપ્રેમસૂરિ તથા પૂ૦ આ૦ શ્રી વિજય-પ્રતાપસૂરિના અધ્યક્ષપણા નીચે થયો હતો. શેઠ અમૃતલાલ કાળીદાસ દોશીની પીસ્તાલીશ હજારની સખાવત અને ત્રણ વર્ષના પરિશ્રમ પછી એક વિભાગ ઐતિહાસિક દૃષ્ટિએ તૈયાર થયો છે. બીજા બે વિભાગો પંચ પ્રતિક્રમણ સુધીના હવે પછી પ્રકાશિત થશે. શ્રીયુત ધીરજલાલ ટોકરશી તેમાં મુખ્ય કર્તા છે. તેમનો પ્રયાસ સફળ થયો છે; જૈન વિકાસ મંડળ તે માટે શરૂ થયેલું છે તેનો વિસ્તાર થાય અને વિદ્વાનો તેમજ ધનિકોના સહકારથી સાહિત્ય યોજના મુંબઇ ભારતીય વિદ્યાભવન અને પુના પ્રો. ભાંડારકર ઇન્સ્ટીટયુટ જેવી વિસ્તૃત બને તો એક પ્રચંડ જૈન લાઇબ્રેરી તથા બી. એ.ના ધોરણ સુધીની જૈન સીરીઝ તૈયાર થઇ શકે તેમજ અન્ય ગ્રંથોનું ઐતિહાસિક દૃષ્ટિએ સંશોધન થઇ શકે. પૂ૦ આ૦ મ૦ શ્રી વિજયવલ્લભસૂરિજીની હાજરીમાં શત્રુંજય ઉપર સ્વ૦ પૂ૦ આ૦ શ્રી વિજયાનંદ-સૂરિજીની પ્રથમની મૂર્તિ ખંડિત થવાથી શ્રી સિદ્ધગિરિજી ઉપર નવીન મૂર્તિ પંચધાતુની પ્રતિષ્ઠા થઇ છે. પાલીતાણામાં શ્રી લબ્ધિસૂરિ સેવા સમાજનો રૌપ્ય મહોત્સવ શેઠ ભોગીલાલ મગનલાલના પ્રમુખ-પદે ઉજવાયો હતો. રીલીજીયસ ટ્રસ્ટ એકટનો અમલ ઓકટોબર માસથી થવાનો છે તે પહેલાં ઐક્ય સાધી જૈન સમાજે સક્રિય વિરોધ કરવા જાગૃત થવાનું છે. ગતવર્ષમાં આ૦ મ૦ શ્રી માણિક્યસિંહસૂરિ, મુ૦ શ્રી ન્યાયવિજયજી ( ત્રિપુટીમાંથી ), શ્રી મોતીચંદ ગિરધરલાલ કાપડીયા, શેઠ માણેકલાલ મનસુખ-ભાઇ, શેઠ ફકીરચંદ કેશરીચંદ, ઝવેરી મૂળચંદ આશારામ વૈરાટી અને વહોરા જગજીવનદાસ અમરચંદ વિગેરેના ખેદજનક સ્વર્ગવાસ માટે સપ્રસંગ ભાવાંજલિ અપવામાં આવે છે.

## લેખ દર્શન.

ગતવર્ષમાં ગદ્ય અને પદ્ય લેખો મળી કુલ ઓગણસાઠ લેખો આપવામાં આવેલ છે. પદ્ય લેખોમાં પૂ૦ વયોવૃદ્ધ આ૦ શ્રી વિજયલબ્ધિસૂરિજીના શ્રી શીતળનાથ અને આદિનાથ સ્તવનો છે. પૂ૦ મુ૦ જંબૂવિજયજીના સામાન્ય જિનેશ્વર સ્તવન વિગેરે ચાર કાવ્ય, પૂ૦ મુ૦ ચંદ્રપ્રભવિજયજીનું ગૌતમસ્વામી-નો વિલાપ, મુ૦ રુચકવિજયજીનું અજિતનાથ સ્તવન, પં૦ શ્રી દક્ષવિજયજીનું શ્રી વીરજિન સ્તવન, મુ. જિતેન્દ્રવિજયજીની ક્ષમાપના અને ઉપકાર દર્શનનાં બે કાવ્યો, શ્રીયુત કાંતિ શાહનું શ્રી મલ્લિનાથ સ્તવન અને શા. મૂળચંદ આશારામ વૈરાટીના આંતરનાદ અને પ્રભુના મંદિર ખોલો વિગેરે ત્રણ સમ--અંગ્રેજી પદ્યોવાળાં કાવ્યો આવેલાં હતાં. ગદ્ય લેખોમાં સૂક્ષ્મ ગંભીર અને તાત્ત્વિક લેખક પૂ. આ. શ્રી વિજયકસ્તૂરસૂરિજીના તત્ત્વાવબોધના છ લેખો તથા સંબોધમાળાના બે લેખો, મુ ચંદ્રપ્રભસાગર ( ચિત્રભાનુ )ના સંયમ અને શ્રમણ તથા માનવતાની ભવાઇના બે પ્રેરક લેખો, પૂ. મુ. શ્રી જમ્બૂવિજયજીના અંતરિક્ષ પાર્શ્વનાથના પાંચ તથા ભદ્રાવતી પાર્શ્વનાથનો એક મળી કુલ છ ઐતિહાસિક લેખો આવેલા છે. મુ. શ્રી દર્શનવિજયજી( ત્રિપુટી )ના શ્રી હેમચંદ્રસૂરિની અપૂર્વ મહાનુભાવતાના બે લેખો, પૂ. આ. શ્રી વિજયલબ્ધિસૂરિજીના શંકા અને સમાધાનવાળા ત્રણ લેખો, ડૉ. ભગવાનદાસ મહેતાના ઇચ્છાયોગ, શાસ્ત્રયોગ અને સામર્થ્યવાળો વિદ્વત્તાપૂર્ણ લેખ, શ્રી મોતીચંદ કાપડીઆના ધર્મકૌશલ્યના પાંચ લેખો, મૃદુલા બહેન કોઠારીનો સ્યાદ્વાદનો લેખ, સ્વામી આત્માનંદ સરસ્વતીનો લોકૈષણાનો સંક્ષિપ્ત લેખ, ડૉ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વલ્લભદાસ નેણુસી વિહરમાન જિનના સાત સ્તવનોના વિવેચન સાથેના લેખો, શ્રી કમળા બહેન સુતરીઆ M. A ના આદર્શ પ્રાર્થના વિગેરે ત્રણ સંગ્રહીત લેખો, પ્રો. હીરાલાલ કાપડીઆ M. A ના સંઘયણી અને દંડક વિગેરેના ચાર વિદ્વત્તાપૂર્ણ સંશોધન લેખો, રા. મોહનલાલ ચોકસીના ચારુશીલા રમણુરત્નોનો ઐતિહાસિક લેખ, રા. આત્મવલ્લભનો પરમપવિત્ર શત્રુંજય દર્શનનો લેખ તથા નૂતન વર્ષનું મંગલમય વિધાનનો અમારો લેખ અને શામળદાસ કોલેજના પ્રિન્સિપાલ શ્રીયુત પ્રતાપરાય મોદીના સભાની સાહિત્ય સેવા માટે ભાવનગર સમાચારમાં આવેલા બે લેખો તથા વર્તમાન સમાચાર, સ્વીકાર અને સમાલોચના અને ચોપનમા વર્ષનો સભાનો રિપોર્ટ વિગેરે લેખો પ્રસ્તુત સભાના સેક્રેટરી અને મુખ્ય કાર્યકર્તા સાહિત્યભૂષણ ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસના આવેલા છે. જૈન સિદ્ધાંત અનુસારે લખાયેલાં તમામ લેખો ભાવશ્રુત છે; લેખના અક્ષરો એ દ્રવ્યશ્રુત છે; એ દ્રવ્યશ્રુત જો આત્માના ગુણોને સ્પર્શી મોક્ષ માટેનો પુરુષાર્થ પ્રકટ કરવા તેમજ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રના વિકાસ માટેનું નિમિત્ત બને તો ભાવશ્રુત બને છે અને તે લેખક અને વાંચક બન્નેને આધ્યાત્મિક ઉન્નતિકર નીવડે છે; વાચકોના આત્માની ઉપાદાન-ભૂમિકાની તૈયારી પ્રમાણે નિમિત્તભૂત થયેલ પ્રસ્તુત લેખો જેટલે અંશે ક્ષાયોપશમિક ભાવો પ્રકટ કરવામાં નિમિત્તભૂત થયા હોય અથવા થશે તેટલે અંશે તેની સાર્થકતા છે. વિશેષ અતિશયોક્તિ નહિં કરતાં વાચકોના ઉપાદાન-કારણરૂપ આત્મભૂમિકામાં વવાયલાં સંસ્કાર બીજોને તે તે લેખોના પરિણામ-પરિપાકનો ન્યાય સુપરત કરીએ છીએ.

## સાહિત્યપ્રચાર અને ભાવના.

સ્વ. ગુરુદેવ શ્રી આત્મારામજી મહારાજના મંગલમય નામથી પંચાવન વર્ષ પહેલાં સ્થાપિત થયેલ પ્રસ્તુત સભા પેટ્રનો, સાહિત્ય સીરીઝ અને સભ્યોથી બલવત્તર બનતી જાય છે; તે માટેની હકીકત દર માસે આત્માનંદ પ્રકાશ માસિકમાં પ્રસિદ્ધ કરવામાં આવે છે. જીવન દરમીઆન અનેક વ્યક્તિઓ, સંસ્થાઓ, સંમેલનો અને નાની મોટી વિભૂતિઓના સંબંધમાં આવી માનવી પોતાના જીવનનું ઘડતર ઘડયે જાય છે. સભા પણ વ્યક્તિઓનો સરવાળો છે. જૈન સિદ્ધાંતાનુસારી જ્ઞાનપ્રચારનો ઉદ્દેશ પંચાવન વર્ષ પહેલાં સ્વીકારી તે પદ્ધતિએ પ્રાચીન ગ્રંથોનું ભાષાંતર વિગેરે સાહિત્યનાં પુસ્તકો પ્રતિવર્ષ તૈયાર થાય છે. જો કે સસ્તા સાહિત્ય માટેની ભાવના વર્ષો થયાં સભાએ અંતરમાં સ્વીકારેલી છે તેમજ આત્માનંદ પ્રકાશનું કદ અને લેખસમૃદ્ધિની ભાવના પણ ઓતપ્રોત છે, છતાં તેનો જોઈએ તેવો અમલ થઈ શકયો નથી. નિરાશાથી પર થયેલા માનવીઓ જીવનના પ્રત્યેક પ્રસંગોને તેના યથાર્થ સ્વરૂપમાં જોઈ શકે છે, રાત જેમ વધારે અંધારી તેમ સૂર્યોદય વધારે મનોહર; શંકા જેમ વધારે ગાઢ તેમ જ્ઞાનનાં તેજ વધારે ઉજ્જવળ; વાદળાં જેમ વધારે કાળાં તેમ ચંદ્ર વધારે સ્વરૂપવાન હોય છે તેમ પ્રમાદ અને વિઘ્નો જવાબદાર હોવા છતાં સભા અપૂર્ણતા વચ્ચે ઘડાતાં ઘડાતાં યથાશક્તિ પ્રગતિ કરી રહી છે, ઉચ્ચ સંકલ્પના દીપકવડે અપૂર્ણતા નીરખે છે અને એ અપૂર્ણતા જેટલે અંશે પૂર્ણ થાય તે રીતે પ્રતિવર્ષે પ્રયાસ કરે છે. ગતવર્ષમાં પેટ્રનો આઠ થયા છે. રા. બ. શેઠ જીવતલાલ પ્રતાપસિંહ તથા સ્વ. શેઠ શાંતિદાસ ખેતસીની સસ્તા સાહિત્યની સીરીઝ તરીકે અનેકાંતવાદનું ગુજરાતી ભાષાંતર બુકરૂપે પ્રકાશિત થઈ ગયું છે. નમસ્કાર મહામંત્રના લગભગ છ ફોર્મો છપાઈ ગયા છે અને હવે થોડા વખતમાં સીરીઝ તરીકેનો બીજો મણકો પ્રસિદ્ધ થશે; તે માટે નવપદ યંત્રનું પણ પૂ. મુ. શ્રી ભાનુવિજયજી મારફત સંશોધન થઈ રહેલું છે. જો કે આ બન્ને પુસ્તકો એક જ વર્ષમાં પ્રકાશિત કરવાના હતા પરંતુ પ્રો. હરિસત્ય ભટ્ટાચાર્યનો ઇંગ્રેજી નિબંધ ઘણો કઠિન અને તાત્ત્વિક હોવાથી તેના ભાષાંતર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વગેરે કાર્યમાં ઘણી જ ઢીલ થવા પામી છે તે નિરુપાય હતું. ત્રીજો નિબંધ ઇંગ્રેજી ' જૈન ચારિત્ર ' તેમનો તૈયાર થઇને આવેલો છે. તે માટે હવે પછી ભાષાંતરની ગોઠવણુ થશે અનેકાંતવાદ અને નમસ્કાર મંત્રના બન્ને નિબંધોમાં શાસ્ત્રોક્ત રીતિએ તપાસવાની તેમજ પ્રસ્તાવના લખી આપવા માટે સપ્રસંગ પં૦ મુ૦ શ્રી ભદ્રંકરવિજયજી તથા મુ૦ શ્રી ભાનુવિજયજીનો આભાર માનીએ છીએ. સં૦ ૨૦૦૭ ની સાલના ભેટના ગ્રંથ શ્રી શ્રેયાંસનાથ ચરિત્ર જો કે હજી તૈયાર થયું નથી—છપાઇ રહેલું નથી, તથા કથારત્નકોશ પ્રથમ ભાગ ભાષાંતર લગભગ તૈયાર થઇ જવા આવેલ છે અને હવે પછીની યોજનામાં શ્રી સુમતિનાથ ચરિત્ર તથા કથારત્નકોશ ભાગ બીજો ભાષાંતરના પ્રકાશનો કરવાના છે. ચોવીશ તીર્થંકરોનાં સંક્ષિપ્ત ચરિત્રનું પુસ્તક સચિત્ર તૈયાર થઇ રહ્યું છે. શ્રી મલ્લવાદી ક્ષમાશ્રમણુવિરચિત અઢાર હજાર શ્લોકનો મુ૦ શ્રી જંબૂવિજયજી તથા સાહિત્યરત્ન મુ૦ શ્રી પુણ્યવિજયજીના પ્રયાસથી સંશોધન થયેલો મહાન ગ્રંથ છપાય છે. બૃહત્કલ્પ ભાગ છઠ્ઠો પણ તૈયાર થઈ રહ્યો છે, પ્રસ્તાવના બાકી છે. આત્માનંદ શતાબ્દિ સીરીઝનો ત્રિષષ્ટિશલાકા પુરુષ ચરિત્ર મૂળ સંસ્કૃત બીજો ભાગ પર્વ ૨-૩-૪ પ્રકાશિત થઈ ગયો છે. આત્માનંદ પ્રકાશમાં ગત વર્ષમાં આઠ પેટ્રનોના ફોટાઓ ઉપરાંત શ્રી શત્રુંજય મહાતીર્થ વિગેરેના રંગીન ફોટાઓ આપવામાં આવેલ હતા. જૈનદર્શનનું સાહિત્ય એ સર્વજ્ઞોએ પ્રતિબિંબિત કરેલું અલૌકિક તત્ત્વ છે. હજારો વર્ષ પર્યંત રહેનારું જૈનશાસનનું બંધારણ પણ પૂર્વપુરુષોએ ભવ્ય જીવોના ઉપકાર માટે દીર્ઘદૃષ્ટિપૂર્વક યોજેલું છે. જ્ઞાન કે જે આત્માનો અરૂપી ગુણ છે તેને યથાશક્તિ વિકસાવવામાં યત્કિંચિત્ સાધન તરીકે વ્યવહાર ભૂમિકામાં જે સ્થૂલ પ્રકાશ માટે સભાનું અસ્તિત્વ છે તેની યથાશક્તિ સેવા બજાવવા માટે સભા પ્રશસ્ત આનંદ અનુભવે છે અને એ સેવામાં સહાયકારી પૂજ્ય મુનિ-રાજોનો મુનિવરો અને ગૃહસ્થ લેખકોનો સપ્રસંગ આભાર માનવામાં આવે છે તેમજ જૈન સિદ્ધાંતની અણસમજથી કાંઇ વિરુદ્ધપણું અથવા સ્ખલના આવી ગયાં હોય તે માટે મિથ્યા દુષ્કૃત દેવામાં આવે છે.

## અંતિમ પ્રાર્થના.

શ્રી મહાવીર પરમાત્માની શ્રી ભગવતીસૂત્રમાં શ્રી ગૌતમસ્વામીજીના પ્રશ્ન **किमयं भंते ! कालोत्ति वुच्चइ ?** ના ઉત્તરમાં જીવ અને અજીવના પર્યાયરૂપે નિશ્ચયકાલ છે તેમ ખુલાસો કરેલ છે. એ દૃષ્ટિએ આત્મા અને અજીવના પર્યાયો ક્ષણે ક્ષણે ( evervarying ) પલટાય છે. અનંત કાલથી આત્માના પર્યાયો ભિન્ન ભિન્ન શરીર અથવા અન્યરૂપે પલટાતા આવ્યા છે, અનંત કાલને પચાવી શકતો નથી, આત્માને કાળ ગ્રસી શકયો નથી-શકશે નહિ. કેમકે અનંતકાળમાં પણ એક રૂપે રહેલો આત્મા આખા વિશ્વમાં શાશ્વત જીવન અનુભવે છે; સર એસ રાધાકૃષ્ણન કહે છે કે "આપણા કમનસીબનું કારણ એ છે કે આપણે આત્માની વાસ્તવિકતાને પીછાણી શકતા નથી; માનવી કાંઇ કુદરતની અને સમાજની અસહાય કૃતિ નથી, માનવી આધ્યાત્મિક જીવનનો સંદેશવાહક છે. વિશ્વ ઇતિહાસના નાટકમાં તે અગત્યનો પાઠ ભજવે છે અને પ્રલયની શક્તિને તાબે થયા વિના તે કર્મ કરે છે અને સર્જન કરે છે. આ આધ્યાત્મિક જીવન માટે તેણે અવિશ્રાંત યુદ્ધ ચલાવવાનું છે. કારણ આત્માનું બળ અધ્યાત્મવાદમાં છે." વળી કાકા કાલેલકર કહે છે કે "પથ્થરમાંથી જેમ મૂર્તિ બનાવીએ છીએ, ધ્વનિમાંથી જેમ સંગીત ઉપજાવીએ છીએ, ધર્ષણમાંથી જેમ જ્વાળા સળગાવીએ છીએ તેમ જીવનમાંથી સંસ્કૃતિ ખીલવવી જોઇએ, જીવન એ પ્રકૃતિ છે અને સંસ્કૃતિ એ તેનો ઓપ છે. જીવન જો ધરતી હોય તો સંસ્કૃતિ એનું સ્વર્ગ છે." સ્વામી વિવેકાનંદ પણ કહે છે કે "I was never born, yet my births of breath are as many as waves on

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



the sleepless sea—અર્થાત્–હું વાસ્તવિક રીતે અજર અજન્મ છું પરંતુ સ્થૂલ દૃષ્ટિએ મહાસાગરનાં મોજાં તુલ્ય મારાં જન્મ અને મરણ થાય છે. "–આ રીતે ખરેખર જૈનદૃષ્ટિએ પણ આત્માનું અનાદિકાળથી અસ્તિત્વ હોવા છતાં તેને જન્મ મરણો, સુખ દુઃખ વિગેરે ધંધો શાથી થયા કરે છે તે પ્રશ્નનો ઉત્તર સર્વજ્ઞોએ આપેલ છે. તે એ છે કે–વ્યવહારથી શુદ્ધ દેવ ગુરુ ધર્મ ઉપર શ્રદ્ધાબળ કેળવો અને નિશ્ચયથી આત્મા અને કર્મ વિગેરેનું પદાર્થોનું પૃથક્કરણ વિચારો અને સાધ્યદૃષ્ટિ રાખી શુભ વ્યવહાર અને શુદ્ધ વ્યવહારનો કર્મયોગ કેળવો. સામાયિક, પ્રતિક્રમણ, પૌષધ, જિનપૂજા, તપ, વ્યાખ્યાનશ્રવણ, સત્સંગ વિગેરે સંસ્કારોવડે આત્માનું ચારિત્ર બળ કેળવો, સ્યાદ્વાદમય જિનદર્શનનું સૂક્ષ્મ સ્વરૂપ જાણો, અહિંસા સત્ય અસ્તેય બ્રહ્મચર્ય અને અપરિગ્રહવ્રતનો યથાશકિત વિકાસ કરો. આ તમામ સાધનો આત્માને ચારિત્રબળમાં તૈયાર કરાવવા માટે આરસના પથ્થરને ગોળ બનાવવા તુલ્ય ટાંકણાઓ છે. આ રીતે **भावितभावो भवेष्वनेकेषु** એ શ્રીમદ્ ઉમાસ્વાતિવાચકના વચનાનુસાર અનેક જન્મોમાં ઘડાતાં ઘડાતાં પુણ્યાનુબંધી પુણ્યનાં ફળો ભોગવતાં શુભ સંસ્કારોની વૃદ્ધિ થતાં અશુભ સંસ્કારો વિલય થતા જાય છે. કર્મચેતનાવડે ફલાભિમુખ થયેલી કર્મફળ ચેતના પ્રસંગે જો જ્ઞાન ચેતના જાગૃત બને તો અનેક કષ્ટ પ્રસંગોમાં આત્મા જાગી ઊઠે છે અને વિચારે છે કે–આ જગતની પરિસ્થિતિ નિતપ્રયોજન નથી; પરંતુ તેની પાછળ કાળ, સ્વભાવ, ભવિતવ્યતા, કર્મ અને પુરુષાર્થરૂપ પાંચ કારણો છેક માનવજીવનમાં સમ્યગ્દર્શનની પ્રાપ્તિ પછી જીવનનો હેતુ સ્પષ્ટ થાય છે. શ્રદ્ધાબળ જ્ઞાનબળ અને ચારિત્રબળના પુરુષાર્થ માટે આત્મા તૈયાર થઇ સકામનિર્જરા કરવા માંડે છે ત્યારે ક્રમેક્રમે અન્ય કારણો નિબંળગૌણ બની જાય છે અને શ્રીમદ્ હરિભદ્રસૂરિએ યોગદૃષ્ટિસમુચ્ચયમાં કહેલ **भव एव महाव्याधिर्जन्ममृत्युविकारवान्**–જન્મ મરણરૂપ મહાવ્યાધિમય સંસાર ઉપર કાપ મુકાતો જાય છે; ભવની મર્યાદા ટૂંકી થતાં આત્માનંદ–આત્મવિકાસનો ક્રમ અન્ય જન્મોમાં વધતો આવે છે. શ્રી જિનેશ્વર પ્રભુએ કહેલા અસંખ્ય યોગોમાંથી ગમે તે શુભયોગદ્વારા પ્રસ્તુત પત્રના વાંચકો મોહનીય કર્મને અંકુશમાં રાખનારું આત્મબળ કેળવે અને તે રીતે બહિરાત્મપણામાંથી અંતરાત્મસ્વરૂપ પ્રાપ્ત કરી પરમાત્મ પદ તરફ પ્રગતિ કરવાની કળા મેળવે અને આત્માના અભૂતપૂર્વ આનંદના સંસ્કારો ક્રમેક્રમે પ્રાપ્ત કરી એવી પ્રશસ્ત અભિલાષા સાથે નીચેનો મંગલમય શ્લોક સાદર કરી વિરમવામાં આવે છે.

**मोक्षोऽस्तु वा माऽस्तु, परमानंदस्तु वेद्यते स खलु।**
**यस्मिन्निखिलसुखानि प्रतिभासंते न किंचिदिव॥**

"સંપૂર્ણ મુક્તિ વહેલી થાય કે મોડી; પરંતુ (જિનશાસનના અર્કરૂપ) આધ્યાત્મિક પરમ આનંદની જે વાનકી અનુભવાય છે તેની આગળ લૌતિક તમામ સુખો કાંઇપણ વિસાતમાં નથી."

**યોગશાસ્ત્ર–શ્રીમદ્ હેમચંદ્રાચાય.**

મુંબઇ સં. ૨૦૦૭.
શ્રી નેમિનાથ પ્રભુ જન્મકલ્યાણક
મંગલ તિથિ તા. ૭–૮–૫૧

ફતેહચંદ ઝવેરભાઇ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# " શાંતિથી વિચારવા યોગ્ય "

## ( મનન કરવા યોગ્ય. )

આ જીવને જે જે કર્મ ઉત્પન્ન થાય છે તે પોતાના પરિણામનું ફળ છે, પુર્વે જે જે નિમિત્ત પામી જેવા જેવા પરિણામ કર્યા છે, તે પરિણામનું ફળ કાળ પામી ઉદયમાં આવે છે, તે પોતાના કરેલા કર્મ જાણી વિચારવાન મુમુક્ષુ જીવ ઉદય આવેલા કર્મોમાં સમતા રાખે છે, અને સમતા એ જ પરમ શાંતિનું કારણ છે, અથવા સર્વ કર્મોના નાશનું કારણ છે.

જે અનિત્ય છે, જે અસાર છે, અને જે અશરણ રૂપ છે, તે આ જીવને પ્રીતીનું કારણ કેમ થાય છે? તે વાત રાત્રિ દિવસ વિચારવા યોગ્ય છે.

અનંતવાર દેહને અર્થે આત્મા ગાળ્યો છે. જે દેહ આત્માને અર્થે ગળાશે, તે દેહ આત્મ વિચાર જન્મ પામવા યોગ્ય જાણી, સર્વ દેહાર્થની કલ્પના છોડી દઇ એક માત્ર આત્માર્થમાં જ ઉપયોગ કરવો એવો મુમુક્ષુ જીવને અવશ્ય નિશ્ચય જોઇએ.

જે જે પ્રાણીઓ દેહ ધારણ કરે છે, તે તે પ્રાણીઓ તે દેહનો ત્યાગ કરે છે, એમ આપણને પ્રત્યક્ષ અનુભવ સિદ્ધ દેખાય છે. તેમ છતાં આપણું ચિત્ત તે દેહનું અનિત્યપણું વિચારી નિત્ય પદાર્થના માર્ગને વિષે ચાલતું નથી, એ સોચનીય વાતનો વારંવાર વિચાર કરવા યોગ્ય છે.

તમારી અંદર આવેલું પવિત્ર સ્થાન એજ તમારો સાચો અને શાશ્વત આત્મા છે, એજ તમારામાં રહેલો દેવ છે.

જે જ્યોત જેવીને તેવી હંમેશ રહે છે તેનો સાક્ષાત્કાર કરે.

શાંતિ મેળવવા આ સિવાય બીજો માર્ગ નથી.

સંગ્રાહકઃ–**શ્રીમતી કમલાબ્હેન સુતરીયા** એમ. એ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

॥ जयन्तु जिनेन्द्राः ॥

# નયચક્રગ્રંથ અને બૌદ્ધસાહિત્ય

લેખક—મુનિરાજશ્રી જંબૂવિજયજી મહારાજ.

**વાદી ત્રીજો તર્ક રે નિપુણ ભણ્યો, મલ્લવાદી પરે જેહ;**
**રાજદ્વારે રે જયકમળા વરે, ગાજંતો જીમ મેહ.**
**ધન્ય ધન્ય શાસનમંડન મુનિવરા.**[1]

**—ઉપાધ્યાય શ્રીયશોવિજયજી મ૦**

જૈનશાસનના મહાન્ જ્યોતિર્ધર કલિકાલસર્વજ્ઞ આચાર્ય શ્રી **હેમચંદ્રસૂરીશ્વરજી** મહારાજે **अनु मल्लवादिनं तार्किकाः**[2] આ શબ્દોથી જેમને જૈનશાસનના ઉત્કૃષ્ટ તાર્કિક તરીકે વર્ણવ્યા છે અને જેઓ જૈનશાસનમાં **વાદિપ્રવચનપ્રભાવક** તરીકે અત્યંત પ્રસિદ્ધ છે તે આચાર્ય ભગવાન્ શ્રી **મલ્લવાદી** ક્ષમાશ્રમણજીએ **नयचक्र** નામના એક મહાન્ તર્કશાસ્ત્રની રચના કરી હતી. જેમ રથ વગેરેના ચક્રમાં (પૈડામાં) આરા, આરા વચ્ચે પરસ્પર અંતર તથા આરાઓને રહેવાનું સ્થાન નાભિ હોય છે તેમ આ ગ્રંથમાં પણ તેના અન્વર્થ નામ પ્રમાણે **१ विधि, २ विधिविधि**[3] વગેરે બાર નયરૂપી બાર અર (**द्वादशार**), પ્રત્યેક નયો વચ્ચે પરસ્પર મન્તવ્યભેદરૂપી અંતર (**द्वादशारान्तर**) તથા બારે નયોને અપેક્ષા–વિશેષથી પોતામાં સમાવી લેતી સ્યાદ્વાદરૂપી નાભિ (**स्याद्वादनाभि=नयचक्रतुम्ब**) છે. આ મહાન્ તર્કશાસ્ત્રનો સંક્ષિપ્ત પરિચય આ "આત્માનંદ પ્રકાશ" માસિકના સં૦ ૨૦૦૪ ના દ્વાદશાર-નયચક્રના સ્પેશિયલ અંકમાં તેમ જ ચૈત્ર-વૈશાખ માસના અંકોમાં હું આપી ગયો છું. તેમાં આ ગ્રંથના પ્રતિપાદ્ય વિષય, પ્રતિપાદન પદ્ધતિ તથા ઉલ્લિખિત ગ્રંથ અને ગ્રંથકારો સંબંધમાં પણ પરિચય આપવામાં આવ્યો છે. જૈનદર્શનની અપેક્ષાએ આ ગ્રંથ ઉત્કૃષ્ટ છે જ, પણ આ ગ્રંથરૂપી મહાસાગરમાં–બીજે ઠેકાણે અત્યંતદુર્લભ એવા–જૈનેતર દર્શન સંબંધી જે પ્રાચીન વિચારપ્રવાહો તથા પ્રાચીન વાક્યો વિપુલ પ્રમાણમાં જોવા મળે છે તે દૃષ્ટિએ જોતાં ભારતીય દાર્શનિક સાહિત્યમાં પણ આ ગ્રંથ ખરેખર અપૂર્વ સ્થાન ધરાવે છે. ભારતીય દર્શનશાસ્ત્રના ઇતિહાસમાં અત્યન્ત જરૂરી એવા કેટલાયે અંકોડા આ ગ્રંથમાંથી મળી આવે છે કે જે નવો જ પ્રકાશ પાડે છે.

પરંતુ દુર્દૈવની વાત છે કે આ મહાન ગ્રંથ તેના મૂળ સ્વરૂપમાં આજે કોઈ પણ સ્થળે જોવામાં આવતો નથી. આ ગ્રંથને પ્રાચીન ગ્રંથભંડારોમાં શોધી કાઢવા માટે અમે શક્ય તેટલા પ્રયત્નો કરી છૂટ્યા છીએ, પણ હજુ સુધી અમને જરા પણ સફળતા મળી નથી. ઐતિહાસિક દૃષ્ટિએ વિચાર કરતાં પણ એમ જણાય છે કે લગભગ સાતસો વર્ષ પૂર્વે પણ આ ગ્રંથ અનુપલભ્ય જ મનાતો હતો, કારણ

---

૧. વાચકવરશ્રી **યશોવિજયજી મ૦** વિરચિત **સમકિતના સડસઠ બોલની સજ્ઝાય પૈકી આઠ પ્રભાવકની ઢાળ**ની ત્રીજી કડી **૨.** જુઓ **સિદ્ધહેમશબ્દાનુશાસનના** उत्कृष्टेऽनूपेन [ ૨–૩–૩૯ ] સૂત્રની બૃહદ્વૃત્તિ. **૩. નયચક્રવૃત્તિકાર** શ્રી **સિંહસૂરિગણિવાદિક્ષમાશ્રમણે** આ વિધ્યાદિ બાર અરોનાં નામો આ પ્રમાણે જણાવ્યાં છે—एवं तुम्बकरणं सविकल्पद्वादशारनयचक्रैकवाक्यानयनसाधनम्। तत्र विधिभङ्गाश्चत्वार आद्याः, उभयभङ्गा मध्यमाश्चत्वारः। नियमभङ्गाश्चत्वारः पाश्चात्याः। १ विधिः, २ विधिविधिः, ३ विधेर्विधि-नियमौ, ४ विधिनियमः इति प्रथमभङ्गचतुष्टयम्। मध्यमं १ विधि–नियमौ २ विधि–नियमोर्विधिः ३ विधिनियमयोर्विधिनियमौ ४ विधिनियमयोर्नियमः इति। पाश्चात्यमपि १ नियमः २ नियमस्य विधिः, ३ नियमस्य विधिनियमौ, ४ नियमस्य नियमः इति।—**નયચક્રતુંબ.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કે **પ્રભાચંદ્રસૂરિએ** સં૦ ૧૩૩૪ માં રચેલા **પ્રભાવકચરિત્રમાં** જણાવ્યું છે કે [1]**મલ્લવાદીએ** દશ હજાર શ્લોકપ્રમાણ નવા **નયચક્ર** ગ્રંથની રચના કરી હતી, અને તેમણે **નયચક્ર** મહાગ્રંથના આધારે **ભરુચની** રાજસભામાં **બુદ્ધાનંદ** નામના બૌદ્ધ સાધુ સાથે છ માસ સુધી વાદ કરીને તેમાં વિજય મેળવ્યો હતો. ઉપરાંત તેમણે **પદ્મચરિત** નામના ચોવીશ હજાર શ્લોકપ્રમાણ **રામાયણ** ગ્રંથની પણ રચના કરી હતી. મરણસમયે જિનશાસન ઉપર દ્વેષભાવના હોવાથી **બુદ્ધાનંદ** વાદી ( બૌદ્ધસાધુ ) મરીને શત્રુ વ્યંતર દેવ થયો છે, અને પૂર્વજન્મના વૈરથી તેણે **મલ્લવાદીના નયચક્ર** તથા **પદ્મચરિત** આ બંને ગ્રંથોને અધિષ્ઠિત કર્યા છે-તાબામાં લીધા છે. આ બંને ગ્રંથો પુસ્તકમાં છે, પણ તે દેવ કોઈને વાંચવા દેતો નથી." **પ્રભાચંદ્રસૂરિના** આ કથનથી તેમના સમયમાં **નયચક્ર** અનુપલબ્ધ હતું, એમ સ્પષ્ટ જણાય છે જ; પરંતુ તેમના પછીનાં પણ આટલાં લગભગ સાતસો વર્ષમાં '**મૂલ નયચક્ર**-ગ્રંથના કોઈએ દર્શન કર્યાં હોય' એવું સૂચન કોઈ સ્થળે મળતું જોવામાં આવતું નથી. ઐતિહાસિક ઉલ્લેખો જોતાં આ ગ્રંથ લગભગ વિક્રમની ૧૩ મી સદી સુધી તો ઉપલબ્ધ હશે જ, એમ લાગે છે, કારણ કે કલિકાલસર્વજ્ઞ શ્રી **હેમચંદ્રસૂરિજીના** ગુરુબંધુ **પ્રદ્યુમ્નસૂરિના** શિષ્ય **ચંદ્રસેનાચાર્યે** સ્વોપજ્ઞ-વૃત્તિસહિત **ઉત્પાદાદિસિદ્ધિ** નામના સંભવતઃ [2]સં. ૧૨૦૭ માં રચેલા પ્રકરણમાં અંતે **નયચક્રમાંથી** **મલ્લવાદીના** નામોલ્લેખપૂર્વક **विधि-नियमभङ्गवृत्तिव्यतिरिक्तत्वादनर्थकवचोवत् । जैनादन्यच्छासनमनृतं भवतीति वैधर्म्यम्** ॥ આ મૂલ કારિકા ઉધ્ધૃત કરી છે અને તેનો ભાવાર્થ જાણવા માટે સ્વસ્થાન એટલે **નયચક્ર** જોવાની ભલામણ કરી છે. **ઉત્તરાધ્યયનસૂત્ર બૃહદ્વૃત્તિના** કર્તા ( વિક્રમની ૧૧ મી સદીના ) વાદિવેતાલ **શાંતિસૂરિએ** તો આનો **ઉત્તરાધ્યયનવૃત્તિ**-[3]**પાઇઅટીકામાં** સ્પષ્ટ ઉલ્લેખ કર્યો જ છે. મલધારી શ્રી **હેમચંદ્રસૂરિએ** પણ **અનુયોગદ્વારસૂત્રની** [4]વૃત્તિમાં પાઇઅ ટીકા પ્રમાણે ઉલ્લેખ કર્યો છે. [5]**પ્રમાલક્ષમમાં** પણ **નયચક્રનો** ઉલ્લેખ છે. વિક્રમની તેરમી સદી

---

१ **नयचक्रं** नवं तेन श्लोकायुतमितं कृतम् । प्राग्ग्रन्थार्थप्रकाशेन सर्वोपादेयतां ययौ ॥ ३४ ॥ **मल्ला-चार्यः** स षण्मासीं यावत् प्राज्ञार्यमाऽवदत् । **नयचक्रमहाग्रन्था**भिप्रायेणात्रुटद्वचाः ॥ ५७ ॥ नावधारयितुं शक्तः सौगतोऽसौ गतो गृहम् । **मल्लेनाऽ**प्रतिमल्लेन जितमित्यभवन् गिरः ॥ ५८ ॥ **नयचक्रमहाग्रन्थः** शिष्याणां पुरतस्तदा । व्याख्यातः परवादीभकुम्भभेदनकेसरी ॥ ६९ ॥ श्री**पद्मचरितं** नाम **रामायण**मुदा-हरत् । चतुर्विंशतिरेतस्य सहस्रा ग्रन्थमानतः ॥ ७० ॥ **बुद्धानन्द**स्तदा मृत्वा विपक्षव्यन्तरोऽजनि । जिनशा-सनविद्वेषिप्रान्तकालमतेरसौ ॥ ७२ ॥ तेन प्राग्वैरतस्तस्य ग्रन्थद्वयमधिष्ठितम् । विद्यते पुस्तकस्थं तत् वाचितुं स न यच्छति ॥ ७३ ॥ **—प्रभावकचरित्र, मल्लवादिप्रबन्ध.**

૨ સ્વર્ગસ્થ પૂજ્યપાદ શ્રી ૧૦૦૮ સાગરાનંદસૂરીશ્વરજી મહારાજે સંપાદિત કરેલા **ઉત્પાદાદિ-સિદ્ધિ** ગ્રંથના અંતે પ્રશસ્તિમાં નીચે મુજબ રચનાકાલ આપેલો છે. ( પૃ. ૨૨૩ )-द्वादशवर्षशतेषु श्री-विक्रमतो गतेषु मुनि( मुनि )भिः । चैत्रे सम्पन्नमिदं साहाय्यं चात्र नेमेः ॥ ૩ જુઓ—પ્રથમ અધ્યયન ૪૮ મી ગાથાની બૃહદ્વૃત્તિ ૪ असंख्येयत्वेऽप्येषां सकलनयसंग्राहिभिर्नयैर्विचारो विधीयते । ननु तेषामपि संग्र-हनयानामनेकविधत्वात् पुनरनवस्थैव । तथा हि पूर्वविद्भिः सकलनयसङ्ग्राहीणि सप्त नयशतान्युक्तानि यत्प्रतिबद्धं **सप्तशतारं नयचक्राध्ययनमासीत्** । उक्तं च-एक्केक्को य सयविहो सत्त नयसया हवंति एमेव [ आव-श्यकनिर्युक्ति ] इत्यादि । सप्तानां च नयशतानां सङ्ग्राहकाः पुनरपि विध्यादयो द्वादश नयाः यत्प्ररूपकमिदानीमपि **द्वादशारं नयचक्र**मस्ति । एतत्संग्राहिणोऽपि सप्त नैगमादिनयाः । तत्संग्राहिणो पुनरपि द्रव्य-पर्यायास्तिकौ नयौ ज्ञानक्रियानयौ वा निश्चयव्यवहारौ वा शब्दार्थनयौ वेत्यादि ।-**અનુયોગદ્વાર સૂત્ર ( ૧૩૯ )** वृत्ति. ५ अत एव श्रीमन्महामल्लवादिपादैरपि नयचक्र एवादरो विहितः इति न तैरपि प्रमाणलक्षणमाख्यातं परपक्षनिर्मथन-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પછી **नयचक्र**નો કોઇએ ઉપયોગ કર્યો હોય એમ દેખાતું નથી. એનું કારણ વિચારતાં એમ લાગે છે કે **नयचक्र** અત્યંત દુર્બોધ હોવાને લીધે એના પઠનપાઠનનો પ્રચાર ઘણો ઓછો થઇ ગયો હશે અને તેથી તેની પ્રતિ ઉપરથી ઉત્તરોત્તર અધિક કોપી ( નકલ ) કરાવવાનું પણ ધીમે ધીમે ઓછું થતું ગયું હશે. અને તે બધાનું પરિણામ છેવટે પ્રતિના લોપમાં આવ્યું હશે. સેંકડો વર્ષોથી અનુપલબ્ધ આ ગ્રંથ જો કોઇ સ્થળેથી પરમાત્માની કૃપાથી મળી આવશે તો તે ચમત્કાર જ ગણાશે. અત્યારે તો આ ઉત્તમ ગ્રંથરત્નને વિકરાળ કાળે પોતાના ઉદરમાં સમાવી લીધું છે એમ માનીને **कालाय तस्मै नमः** કર્યે જ છૂટકો છે.

આમ છતાંય મહાનમાં મહાન્ સદ્‌ભાગ્યની વાત છે કે **नयचक्र** મૂળ નથી મળતું તો પણ ભગવાન્ [1]**સિંહસૂરિગણિવાદિક્ષમાશ્રમણજી**એ **नयचक्र** ઉપર રચેલી લગભગ ૧૮૦૦૦ અઢાર હજાર શ્લોકપ્રમાણ અત્યંત વિશાલ અને વિદ્વત્તાપૂર્ણ **न्यायागमानुसारिणी** નામની **नयचक्रवृत्ति** કાળના સપાટામાંથી બચી ગઈ છે અને આપણને અત્યારે મળી શકે છે. આ ટીકા ગ્રંથમાં રહેલાં **નયચક્ર**નાં પ્રતીકોને સંભાળપૂર્વક તારવીને જો યોજના કરવામાં આવે તો ઘણા ઘણા અંશે આપણે **નયચક્ર**ના મૂલસ્વરૂપ સુધી પહોંચી જઇ શકીએ અને આખા **નયચક્ર** મૂલગ્રંથની છાયાત્મક પ્રતિકૃતિ તૈયાર કરી શકીએ. એટલે **નયચક્ર**ના અભાવમાં આ ટીકાગ્રંથ પણ આપણને અતિ ઉપયોગી છે. આ ટીકાગ્રંથની પ્રતિઓ પણ એટલી બધી દુર્લભ થઇ ગઇ હતી કે સંભવ છે કે આનો પણ કદાચ **નયચક્રમૂલ**ની જેમ જ નાશ થઇ ગયો હોત. પરંતુ સદ્‌ભાગ્યે સર્વતોમુખી પ્રતિભા ધરાવતા જૈનશાસનના મહાન્

समर्थैरपि परपक्षनिरासादपि स्वपक्षस्य पारिशेष्यात् सिद्धिरिति । ततो यथाकथञ्चित् परपक्षनिरासः कार्यः ।— **પ્રમાલક્ષ્મ પૃ. ૬૯**

**૧** નયચક્ર વિષેના મારા અગાઉના લેખોમાં મેં એવી સંભાવના રજૂ કરી હતી કે सिंहसूरिगणि‌ના સ્થાને सिंहसूरगणि સાચો શબ્દ હોવો જોઇએ, કારણ કે એક જ શબ્દમાં सूरि અને गणि આ બે એકાર્થક શબ્દો ન હોઇ શકે. પરંતુ શ્રી જિનભદ્રગણિક્ષમાશ્રમણજીએ પ્રારંભેલી અને કોટ્ટાર્યવાદિ ગણિ મહત્તરે પૂર્ણ કરેલી વિશેષાવશ્યક મહાભાષ્યની ટીકા કે જે થોડા વખત પૂર્વે પુણ્યાત્મા પૂજ્યશ્રી પુણ્યવિજયજી મહારાજે શોધી કાઢી છે તેમાં કોટ્ટાર્યવાદિગણિમહત્તરે सिंहसूरिक्षमाश्रमण સંબંધમાં એક દાર્શનિક ઉલ્લેખ કર્યો છે તેથી મને લાગે છે કે નયચક્રવૃત્તિની પ્રતિઓમાં મળતું सिंहसूरिगणिवादिक्षमाश्रमण એ સાચું જ નામ છે. આ વાત મેં સં૦ ૨૦૦૪ ના શ્રાવણમાસના આત્માનંદ પ્રકાશના અંકમાં પણ ક્યારનીયે જણાવી દીધી છે. કોટ્ટાર્યગણિએ કરેલો ઉલ્લેખ નીચે મુજબ છેઃ—

" **सिंहसूरिक्षमाश्रमणपूज्यपादास्तु**
**सामान्यं निर्विशेषं द्रव-कठिनतयोर्वायदृष्टं यथा किम् ?**
**योन्या शून्या विशेषास्तरव इव धरामन्तरेणोदिताः के ?**
**किं निर्मूलप्रशाखं सुरभि खकुसुमं स्यात् प्रमाणप्रमेयम् ?**
**स्थित्युत्पत्तिव्ययात्म प्रभवति हि सतां प्रीतये वस्तु जैनम् ॥** "

વડોદરાના પં૦ લાલચંદભાઇ ભગવાનદાસ ગાંધીએ મને થોડા વખત પૂર્વે જણાવ્યું હતું કે सूरि અને गणि શબ્દનો એકી સાથે પ્રયોગ પણ જોવામાં આવે છે, અને આવો પ્રયોગ સિંધી જૈનગ્રંથમાલામાં તેમણે સંપાદિત કરેલા એક ગ્રંથમાં दूष्यसूरिगणिक्षमाश्रमण ના સંબંધમાં કરવામાં આવેલો છે. એટલે सिंहसूरिगणिवादिक्षमाश्रमण આ યથાર્થ જ પ્રયોગ જણાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ્યોતિર્ધર **શ્રી યશોવિજયજી** ઉપાધ્યાયજીના હાથમાં આની દુર્લભ પ્રતિ આવી અને તેમણે તરતજ અનેક વિદ્વાન્ સાધુઓને ભેગા કરીને પંદર દિવસમાં જ આની કોપી તૈયાર કરી લીધી. આ હકીકત તેમણે પોતે જ એક પ્રશસ્તિ બનાવીને **નયચક્ર**ની પ્રતિને અંતે આપેલી છે. આ પ્રશસ્તિ વિગેરે હકીકત હું **નયચક્રના** અગાઉના લેખોમાં આપી ગયો છું. એટલે અહીં તેનું પુનરાવર્તન કરતો નથી. અલબત્ત, **યશોવિજયજી** મ૦ એ તૈયાર કરેલી પ્રતિ હજુ સુધી અમને તપાસ કરતાં કોઇપણ ઠેકાણે મળી નથી, પણ આના ઉપરથી લખવામાં આવેલી **नयचक्रवृत्ति**ની બીજી પ્રતિઓ અનેક જૈન ભંડારોમાં મળે છે. તેમાં કોઇ કોઇમાં **યશોવિજયજી** મ૦ એ રચેલી પ્રશસ્તિ પણ જોવામાં આવે છે. અમારા અનુભવ પ્રમાણે જૈનભંડારોમાં જે નયચક્રની પ્રતિઓ મળે છે તે સર્વે–માત્ર ૧ પ્રતિને બાદ કરતાં–**યશોવિજયજી ઉપાધ્યાયે** તૈયાર કરેલા આદર્શ ઉપરથી જ સાક્ષાત્ યા પરંપરાએ લખવામાં આવેલી છે.

સદ્ભાગ્યે એક બીજી પણ નયચક્રની પ્રતિ પૂજ્ય મુનિરાજશ્રી **પુણ્યવિજયજી** મહારાજદ્વારા અમને મળી આવી છે. આ પ્રતિ લગભગ ૧૬૫૦ આસપાસ લખાઇ લાગે છે. એટલે **યશોવિજયજી** ઉપાધ્યાયે જે પ્રતિ તૈયાર કરી હતી તેનાથી પણ પહેલાં આ પ્રતિ લખાયેલી છે. અમારી ધારણા પ્રમાણે આખા જગતમાં આ એક જ પ્રતિ છે. હજારો જગ્યાએ આમાંથી અમને શુદ્ધ અને સુંદર પાઠો મળી આવ્યા છે કે જે **યશોવિજયજી** ઉપાધ્યાયે તૈયાર કરેલી પ્રતિને અનુસરતી એકેય પ્રતિઓમાં જોવામાં આવતા નથી. વ્યવહારની અનુકૂલતા માટે **યશોવિજયજી** મ૦ ની પ્રતિને અનુસરતી દરેક પ્રતિઓની અમે **A** સંજ્ઞા રાખી છે. અને બીજી મળેલી પ્રતિની અમે B સંજ્ઞા રાખી છે. જો કે અલગ અલગ વિચારીએ તો A અને B બંને પ્રતિઓમાં અશુદ્ધિઓનો ભંડાર ભરેલો છે તોપણ સેંકડો સ્થળે એવું છે કે A માં જ્યાં અશુદ્ધ છે ત્યાં B માં શુદ્ધ છે; B માં જ્યાં અશુદ્ધ છે ત્યાં A માં શુદ્ધ છે. એકંદરે જોઇએ તો B કરતાં A વધારે શુદ્ધ છે, છતાં એવાં કેટલાંયે સ્થળો છે કે જ્યાં A માં અનેક પંક્તિઓ પડી ગઇ છે ત્યાં B માં અખંડરૂપે જળવાઈ રહેલી છે. એક સ્થળે તો A માં આખું પાનું જ પડી ગયું છે જ્યારે B માં એ બરાબર મોજુદ છે. એટલે આ દૃષ્ટિએ B અમને ઘણી મદદગાર નીવડી છે.

આમ છતાં યે એવાં હજારો સ્થળો છે જ્યાં A અને B માં એક સરખી અશુદ્ધિઓ છે. આ ઉપરથી એમ જરૂર લાગે છે કે આગળ જતાં A અને B કોઇ એક પ્રતિને મળી જતી હોવી જોઇએ. અર્થાત્ A અને B કોઇ એક પ્રતિમાંથી પરંપરાએ ઉતરી આવેલી છે. શરૂઆતમાં આ પરંપરા એક હશે, પણ કાળક્રમે લેખકના દોષથી પરસ્પર અંતર પડી ગયું હશે.

**નયચક્રવૃત્તિ**નો વિષય અતિગહન અને પ્રતિઓની અશુદ્ધિ–બહુલતાને લીધે **નયચક્રવૃત્તિ**નો અર્થ સમજવો એ અત્યંત કઠિણ કાર્ય છે. તેમાં મૂલ ન હોવાથી ટીકાકાર શું કહેવા માગે છે, એ જ ઘણીવાર તો સમજતાં મુશીબત પડે છે. લગભગ **मूलं नास्ति कुतः शाखा** જેવી સ્થિતિ નિર્માણ થઇ છે એમ કહેવાય તો હરકત નહીં. આમ છતાંય ખૂબ ચિંતનપૂર્વક, પૂર્વાપરપરામર્શપૂર્વક તેમજ અન્યાન્ય દર્શનશાસ્ત્રોની સાથે તુલનાપૂર્વક મનન અને પરિશીલન કરવામાં આવે તો અર્થ સમજવામાં, સંશોધન કરવામાં તેમજ મૂલ તારવામાં ઘણી જ અમૂલ્ય સહાય મળી આવે છે. અમારા સંશોધન અને સંપાદનને બને તેટલું વ્યવસ્થિત અને પ્રામાણિક બનાવવા માટે અમે આવાં આવાં ઘણાં વિશિષ્ટ સાધનોનો ઉપયોગ કર્યો છે. ઉદાહરણ તરીકે આ લેખમાં હું ખાસ કરીને **હસ્તવાલપ્રકરણ** નામના આવા એક વિશિષ્ટ સાધનભૂત બૌદ્ધગ્રંથ વિષે લખવા ઇચ્છું છું. ( ચાલુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શંકા અને સમાધાન.

સમાધાનકારઃ—જૈનરત્ન વ્યાખ્યાનવાચસ્પતિ કવિકુલકિરીટ પૂ. આચાર્યભગવંત
શ્રીમદ્ વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજ.

( પ્રશ્નકારઃ—ભાવનગરવાલા શા. ફત્તેહચંદ ઝવેરભાઇ–મુંબઇ. )

શં.–યથાખ્યાત ચારિત્ર ક્ષાયિક છે? તો ઉપશાન્તમોહ ગુણસ્થાનકે કેમ હોય?

સ.–યથાખ્યાત ચારિત્ર ઔપશમિક પણ હોય અને ક્ષાયિક પણ હોય. કેવલ ક્ષાયિક નહિ માટે અગિયારમે ગુણસ્થાનકે જે ચારિત્ર છે તેને ઉપશમભાવનું યથાખ્યાત માનવું.

શં.–પુણ્યાનુબંધી પાપ શુભ છે કે અશુભ? તેના દૃષ્ટાન્તો આપશો.

સ.–પુણ્યાનુબંધી પાપ પોતે અશુભ હોવા છતાંય શુભ પરિણામને પેદા કરનારું હોવાથી કારણમાં કાર્યનો ઉપચાર કરીને શુભ માનવામાં આવે તો એક અપેક્ષાએ વાંધો નથી. દાખલા તરીકે એક વ્યક્તિને પાપના ઉદયથી ધન, કુટુંબ, આબરુનાશ આદિના પ્રસંગો ઉપસ્થિત થયા હોય તેવા પાપોદયના પ્રસંગમાં આપત્તિની ઠોકરો ખાઇને સાવધાની મેળવે તેમ આવતી દુઃખની ઠોકરોથી સાવધાન થઇ પુણ્યનાં કાર્યો કરવા લાગે અને પાપમાં સાવધગીરી રાખે ત્યાં પુણ્યાનુબંધી પાપનો ભાંગો ઘટાવી શકાય. આવા આવા જ્યાં જ્યાં પ્રસંગો બને ત્યાં ત્યાં તે પ્રસંગો દૃષ્ટાન્તરૂપે ગણાય એટલે દૃષ્ટાન્તોની ઇયત્તા નથી ત્યાં વળી દૃષ્ટાન્ત ખોળવા જવું પડે તેવું ક્યાં છે?

શં.—લેશ્યાના પુદ્ગલો અષ્ટસ્પર્શી કે ચઉસ્પર્શી?

સ.–લેશ્યાના પુદ્ગલો ચઉસ્પર્શી છે અને તે ભાવલેશ્યા આશ્રિત સમજવા. દ્રવ્યલેશ્યા આશ્રિત તો શ્રી ભગવતીજી સૂત્રમાં આઠ સ્પર્શી કહ્યા છે.

શં.–દ્રવ્યલેશ્યા ત્રણ યોગવાલી હોય કે કેમ?

સ.–દ્રવ્યલેશ્યાને યોગો હોતા નથી પણ દ્રવ્યલેશ્યાઓ દ્વારા સ્ફટિકમાં નીલ, રક્ત, પીત આદિ પુષ્પોના રંગોની જેમ યોગોમાં શુભાશુભ પ્રવૃત્તિઓ પેદા થાય છે. અને તે તે દ્રવ્યો શુભાશુભ પરિણતિનું નિમિત્ત કારણ હોવાથી તેઓને દ્રવ્યલેશ્યા કહેવામાં આવે છે. આથી સમજવું કે યોગોમાં લેશ્યા હોય પણ લેશ્યામાં યોગ ન હોય માટે લેશ્યાઓ યોગવાલી કહેવાતી નથી.

શં.–લેશ્યા કયા કર્મમાં સમાય?

સ.–નામ કર્મમાં.

શં.–ક્ષાયિક સમ્યક્ત્વવાન શ્રેણિક મહારાજાએ અભયકુમારને અંતઃપુર (રાણીઓ સાથેનું) બાળી નાંખવા હુકમ કર્યો તો તે વખતે કઇ લેશ્યા હોઇ શકે? ક્ષાયિક સમકિતીને કૃષ્ણલેશ્યા તો ન હોય.

સ.–તેવું કંઇ નથી. ક્ષાયિક સમકિતદૃષ્ટિમાં પણ કૃષ્ણાદિ લેશ્યાઓ હોઇ શકે પરંતુ અનંતાનુબંધી ક્રોધના ઘરની કૃષ્ણલેશ્યા ન હોય.

શં.–અનાદિ મિથ્યાત્વીને સમ્યક્ત્વ–પ્રાપ્તિ વખતે કઇ કઇ લેશ્યાઓ હોય?

સ.–કોઇ પણ શુભ ગુણોની પ્રાપ્તિ સમયે શુભ લેશ્યાઓ જ હોય એટલે તેજો, પદ્મ, શુકલ એ પાછલી ત્રણ પૈકીમાંથી કોઇ પણ હોય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**શં.–સ્ત્રીને વજ્રઋષભનારાચસંઘયણ** દિગંબરો માને છે?

સ.–વજ્રઋષભનારાચસંઘયણનો દિગંબર ગ્રન્થોમાં સ્ત્રીને માટે નિષેધ કર્યો હોય એમ મારા જોવામાં આવ્યું નથી.

શં.–ચારિત્ર તો ભવાન્તરમાં ન આવી શકે પણ ચૌદપૂર્વનું જ્ઞાન દેવલોકમાં કેમ સાથે જઇ ન શકે? (સમ્યક્ત્વ સાથેના શ્રુતજ્ઞાનીને)

સ–દર્શન અને જ્ઞાન એ ઐહિક તથા પારભવિક હોય છે, પરન્તુ ચારિત્ર તો ઐહિક જ હોય, આવી રીતે પંચમાંગ શ્રી ભગવતીજી સૂત્રમાં લખેલ છે. આથી વિચારી શકો છો કે શ્રુતજ્ઞાન અને સમકિત પરભવમાં જઇ શકે છે માટે (ચૌદ પૂર્વનું પૂર્ણજ્ઞાન પરભવમાં હોય એમ ન માનવું) કેટલુંક પૂર્વનું જ્ઞાન હોઇ શકે છે.

શં.–ક્ષાયિક સમકિતી ઉપશમશ્રેણિ કરી શકે?

સ.–વાંધો નથી પણ ઉપશમ સમકિતી ક્ષપકશ્રેણિ કરી ન શકે.

શં.–માનસિક વિચારો શબ્દોની જેમ બહાર જઇ બીજાઓને અસર કરી શકે? (મનોવર્ગણાના પુદ્ગલો).

સ.–માનસિક પવિત્ર વિચારોથી સંસ્કૃત થએલ મનોવર્ગણા મનથી છૂટા થયા પછી પણ જે ક્ષેત્રને અવલંબીને સ્થિત હોય તે ક્ષેત્રમાં એવું વાતાવરણ સર્જી શકે છે કે તે સ્થળને જે જે પુણ્યશાળીઓ અવલંબે તે તે પુણ્યશાળીઓની શુદ્ધ મનોભાવનાને વધારી શકે છે. એ જ કારણ છે કે ગિરિરાજ જેવા પવિત્ર સ્થાનો આપણી ભાવનાને ખૂબ ખૂબ વધારે છે.

શં.–તીર્થંકર પરમાત્માના પુણ્યબલને પરમાણુઓ છે? તે પરમાણુઓની અસરથી શક્રેન્દ્રનું સિંહાસન ચલિત થાય છે? તે પરમાણુઓ ધર્માસ્તિકાયથી ગતિમાન થાય છે?

સ.–તીર્થંકર પરમાત્માનું પુણ્ય પરમાણુરૂપ જ છે. તીર્થંકર ભગવાનનું નહિ પણ દરેકના પુણ્યબલ પરમાણુમય હોય છે. જ્યારે જ્યારે તીર્થંકર ભગવાનનો જન્મ થાય છે ત્યારે ત્યારે શક્રેન્દ્રનું સિંહાસન ચલિત થાય છે અને મનુષ્યલોકમાં આવી જિનભક્તિનો લાભ લે છે તેમાં તીર્થંકર ભગવાનના પુણ્યબલની જ પ્રેરણા માનીએ તો તેમ માનવામાં વાંધો નથી. તે પરમાણુઓ જ નહિ પણ પરમાણુ માત્ર ધર્માસ્તિકાયથી જ ગતિમાન થાય છે.

શં.–રાગદ્વેષ પરમાણુમય છે?

સ.–હા. રાગદ્વેષ કર્મના પરમાણુઓથી થાય છે. એટલે ઉપચારથી પરમાણુમય કહી શકાય.

શં.–ક્ષાયિક સમકિતીને અતિચાર લાગે?

સ.–ન લાગે, પરંતુ તેને સમ્યક્ત્વ સંબંધી અતિચાર ન લાગે એમ સમજવું, પણ ચારિત્ર લીધું હોય તો ચારિત્ર સંબંધી અતિચાર લાગે. અને ન લીધું હોય તો અતિચારની વાત જ ક્યાં છે? પણ ચારિત્ર ક્ષાયિકભાવ જો હોય તો અતિચાર ન લાગે.

શં.–જ્ઞ સ્વભાવ એટલે જાણવાનો સ્વભાવ? ભવ્ય સ્વભાવ એટલે શું? અને ક્રિયામાં આત્મા જોડાય તો તે કયો સ્વભાવ?

સ.–જ્ઞ સ્વભાવ એટલે જાણનારનો સ્વભાવ. ભવ્યસ્વભાવ એટલે સુંદર સ્વભાવ, કલ્યાણવાલો સ્વભાવ, મુક્તિમાં જવા લાયક સ્વભાવ. એમ અનેક અર્થો થઇ શકે છે. જેવું પ્રકરણ હોય તે મુજબ અર્થ કરવાનો હોય છે. પાપ ક્રિયામાં જોડાય તો પાપસ્વભાવ અને પુણ્યક્રિયામાં જોડાય તો પુણ્યસ્વભાવ. (ચાલુ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સ્વીકાર–સમાલોચના

નીચેના ગ્રંથો અમોને ભેટ મળવા માટે આભાર વ્યક્ત કરીયે છીયે.

(૧) શ્રીમાન્ હરિભદ્રાચાર્યજીવિરચિત **યોગદષ્ટિસમુચ્ચય** (વિવેચન સહિત)

વિવેચક **ડૉ. ભગવાનદાસ** મનઃસુખભાઇ મહેતા. પ્રકાશકઃ-**શ્રી** મનસુખલાલ તારાચંદ મ્હેતા. મૂલ્ય રૂા. ૬-૦-૦ છ રૂપીયા.

ઉપરોક્ત ગ્રંથનું ડૉકટર ભગવાનદાસ ભાઇએ કરેલું સવિસ્તૃત ટીકાત્મક વિવરણ આ ગ્રંથમાં છે. જૈન શાસ્ત્રમાં ચૌદ ગુણસ્થાન, ધ્યાન વગેરેમાં જેમ આધ્યાત્મિક વિકાસનું વર્ણન છે તેમ આ ગ્રંથમાં છે. આ ગ્રંથમાં ક્રમિક વિકાસ કેમ થાય તે માટે તેની આઠ દૃષ્ટિઓ મિત્રા, તારા, બલા, દીપ્રા, સ્થિરા, કાંતા, પ્રભા અને પરાનું સુંદર વર્ણન વિવેચનકારે આપેલી છે વિદ્વાન વિવેચનકારે સંસ્કૃત ભાષામાં આપેલ મૂળ શ્લોક, તેનાં કાવ્યમાં અનુવાદ દરેક શબ્દોનો અર્થ, વૃત્તિ અર્થ અને તે ઉપરથી વિસ્તૃત રીતે સરળ ગુજરાતી ભાષામાં સુંદર વિવેચન કરેલું છે. ગ્રંથને અંતે શ્રી યશોવિજયજી મહારાજકૃત યોગદષ્ટિની સજઝાય પણ આપવામાં આવેલી છે. આ ગ્રંથની વાંચવાની શરૂઆત કરતાં ગ્રંથની શરૂઆતમાં ડૉ. ભગવાનદાસ ભાઇએ જે વિદ્વત્તાપૂર્ણ ઉપોદ્ઘાત લખેલો જેને પ્રથમ વાંચી જવાની વાંચકને ભલામણ કરીયે છીયે. વિવેચનકારે શ્વેતાંબર અને દિગંબર વિદ્વાન જૈન આચાર્યો, પાતંજલ, ગીતા વગેરે યોગને લગતા ૬૩ ગ્રંથોનો અભ્યાસ કરી તેમાંથી અવતરણો આ ગ્રંથમાં લઇ આ ગ્રંથ ઉપર અત્યંત વિદ્વતાપૂર્ણ વિવરણ કર્યું છે. તેઓનાં પૂજ્યપિતા મનસુખલાલભાઇ લેખક અને જૈન શાસ્ત્રનાં અભ્યાસી હતા, તેમ ડૉ. ભગવાનદાસ ભાઇએ પોતાના પિતાનો વારસો લઇ વિશેષ પ્રમાણમાં વાંચન, ચિંતન, મનન કરવાના અભ્યાસે જ આવા યોગના પુસ્તકો લખી એક ઉપયોગી સાહિત્યની રચના કરી છે.

લેખક મહાશયે દરેક અધિકારનો છેવટે સાર આપેલ છે, તે સાથે તેની પુષ્ટિરૂપ કળશ કાવ્યોની કરેલી રચના પરથી આ ગ્રંથની વસ્તુ-સ્થિતિને વધારે સ્પષ્ટ કરી છે વગેરે હકીકત પરથી ડૉકટર ભગવાનદાસભાઇએ આ ગ્રંથનું વિવેચન વિસ્તૃત કરી આ તત્ત્વજ્ઞાન સાહિત્યની અમૂલ્ય સેવા કરી છે. આવા ગ્રંથ મનનપૂર્વક વાંચવા વિચારવાથી જ આત્મા વિકાસ કરી શકે છે જ્ઞાનભંડારો લાઇબ્રેરીના શણગારરૂપ આ ગ્રંથ છે.

આ આધ્યાત્મિક વિકાસના ક્રમરૂપ ગ્રંથ છે તેના અન્વય શ્રી હેમચંદ્રાચાર્યરચિત **યોગશાસ્ત્ર**, શ્રી યશોવિજયજી ઉપાધ્યાયજી મહારાજકૃત **આઠ** દૃષ્ટિની સજઝાય વગેરે કેટલીક કૃતિઓ યોગ ઉપરની અન્ય પણ છે.

---

(૨) **શ્રી તપા. ખરતરભેદઃ**-પ્રકાશક શ્રી મુકતાબાઇ જ્ઞાનમંદિર-ડભોઇ. શ્રી આત્મ-કમલ-દાન-પ્રેમ-જંબૂસૂરિજી જૈન ગ્રંથમાળા નં.-૧૬ કિંમત રૂા. ૨-૦-૦ પેઇજ ૧૭૬. સભાને ભેટ મળ્યો છે.

(૩) **શ્રી જ્ઞાનસાર** સ્વોપજ્ઞભાષાર્થના અનુવાદ સહિત. મૂળ કર્તા-ન્યાયાચાર્ય શ્રીમદ્ યશોવિજયજી મહારાજ.

**સંપાદક** પંડિત ભગવાનદાસ હરખચંદ. પ્રકાશક શ્રી જૈન પ્રાચ્ય વિદ્યાભવન અમદાવાદ. (આ ગ્રંથની આ બીજી આવૃત્તિ છે, કિંમત બે રૂપીયા.) આ બુકમાં ૩૨ અષ્ટકો દરેક અષ્ટકમાં આઠ આઠ શ્લોકોની રચના ઉપાધ્યાયજી મહારાજે કરી છે જેનો આ અનુવાદ સંપાદક મહાશયે કરેલો છે. દરેક અષ્ટકોના મૂળના શ્લોકો તેની નીચે શબ્દાર્થ અને તે પછી સંકલનાપૂર્વક વિશેષાર્થ આપી અભ્યાસીઓ માટે સરલતા કરી આપી છે. આ ગ્રંથ અધ્યાત્મનો હોઇ તેની અનેક આવૃતિ થવી જોઇએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રસ્તાવનામાં પ્રથમ શ્રી યશોવિજયજી મહારાજનું ચરિત્ર પછી પ્રથમ પૂર્ણતાઅષ્ટક અને તેના પછી મગ્નાષ્ટક એમ ઉત્તરોત્તર અષ્ટકોનો સંકળનાપૂર્વક સંબંધ જણાવ્યો છે જે વાંચવા જેવો છે. આ ગ્રંથ નિરંતર આત્મકલ્યાણના જિજ્ઞાસુઓ માટે ઉપયોગી છે.

---

# વર્તમાન સમાચાર

પંજાબદેશોદ્ધારક ન્યાયાંભોનિધિ જૈનાચાર્ય ૧૦૦૮ શ્રીમદ્વિજયાનંદસૂરીશ્વરજી(આત્મારામજી) મહારાજના સમુદાયના સાધુ–સાધ્વીઓના ચાતુર્માસ પાલીતાણા શ્રી સિદ્ધક્ષેત્ર શ્રી આત્માનંદ જૈન પંજાબી ધર્મશાલા( વસંતવિલાસ )માં નીચે પ્રમાણે છે.

ન્યાયાંભોનિધિ જૈનાચાર્ય શ્રી ૧૦૦૮ શ્રીમદ્ વિજયાનંદસૂરીશ્વરજી ( આત્મારામજી ) મહારાજના પટ્ટધર પંજાબ( હિંદ )કેશરી યુગવીર આચાર્ય શ્રીમદ્વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજ, પં૦ સમુદ્રવિજયજી, પં૦ પૂર્ણાનંદવિજયજી, મુનિરાજ શ્રી વિચારવિજયજી, શિવવિજયજી, વિશુદ્ધવિજયજી, ઇન્દ્રવિજયજી, વિશારદવિજયજી, જનકવિજયજી, પ્રકાશવિજયજી, બલવંતવિજયજી, જયવિજયજી, વસંતવિજયજી, ન્યાયવિજયજી, પ્રીતિવિજયજી, હેમવિજયજી, હ્રીંકારવિજયજી, નંદનવિજયજી.

સાધ્વીઓ કોટાવાલાની ધર્મશાલા—પ્રવર્તણી સાધ્વીજી શ્રી હેમશ્રીજી આદિ ૪.

પાટણવાલાની ધર્મશાલા—સાધ્વીજી શ્રી વસંતશ્રીજી આદિ ઠા. ૧૮ સાધ્વીજી શ્રી ચિત્તશ્રીજી આદિ ઠા. ૨૨

માધવલાલની ધર્મશાલા—સાધ્વીજી શ્રી જિનેંદ્રશ્રીજી આદિ ઠા. ૪

ખુશાલભુવન—સાધ્વીશ્રી તરુણશ્રીજી આદિ ઠા. ૩

---

## મોટા યોગોદ્વહન.

આચાર્ય ભગવાનની અધ્યક્ષતામાં સાધુ–સાધ્વીઓને નાંદ ( સમોવસરણ ) મંડાવી યોગમાં પ્રવેશ કર્યો છે તેની ક્રિયા પૂ પં. શ્રી સમુદ્રવિજયજી મ૦ કરાવે છે. તેમાં પં. શ્રી પૂર્ણાનંદવિજયજી મ૦ નો પણ સાથ છે. ઉત્તરાધ્યયનસૂત્રના યોગમાં મુ. શ્રી ઇંદ્રવિજયજી, વિશારદવિજયજી, જનકવિજયજી, પ્રકાશવિજયજી, બલવંતવિજયજી તથા સાધ્વીઓ ૧૬ નો પ્રવેશ કરાવ્યો છે. તેમજ ( ત્રિપુટી મહારાજના શિષ્ય ) મુનિશ્રી લક્ષ્મીભદ્રવિજયજી મ૦ ને સૂયગડાંગ સૂત્રના અને મુનિશ્રી નીતિવિજયજીને કલ્પસૂત્રના યોગમાં પ્રવેશ કરાવેલ છે. અને બે સાધ્વીઓ આચારાંગસૂત્રના યોગમાં પ્રવેશ કરાવેલ છે. એમાં વિમલગચ્છની સાધ્વીઓ પણ છે.

---

**શ્રી દ્વાદશારનયચક્રસાર**–( ન્યાયનો મહામૂલ્યવંત શાસ્ત્ર ગ્રંથ ) અમને જણાવતાં અત્યંત આનંદ થાય છે કેઃ–ભગવાન **મલ્લવાદિ ક્ષમાશ્રમણ**રચિત **નયચક્ર મહાશાસ્ત્ર**ના સંશોધનમાં અત્યંત ઉપયોગી **પ્રમાણસમુચ્ચય** નામના જે ટિબેટન ગ્રંથના અભાવથી અમારૂં **નયચક્ર**ના મુદ્રણનું કાર્ય ઢીલમાં પડયું હતું તે ગ્રંથ આખરે પરમકૃપાળુ પરમાત્માની કૃપાથી મેળવવામાં આ ગ્રંથના સંપાદક મુનિ **જમ્બૂવિજયજી** મહારાજને સફળતા મળી છે. **લંડન વ્હાઇટ હોલમાં** આવેલી **બ્રિટિશ ગવર્મેન્ટની કોમનવેલ્થ રીલેશન્સ ઓફીસે** તેમની લાયબ્રેરીમાંથી એ ગ્રંથના ફોટા તા. ૩૦–૭–૫૧ ના રોજ **મુનિશ્રી જમ્બૂવિજયજી મહારાજ** ઉપર **માલેગાંવ** ( જીલ્લા નાશિક ) મોકલી આપ્યા છે. **હવે નયચક્ર ગ્રંથ** કે જે **નિર્ણયસાગર** પ્રેસમાં છપાય છે તે શીઘ્ર પ્રકાશિત થઇને વિદ્વાન વાંચકોના કરકમળમાં જલ્દી રજૂ કરવાની અમે આશા રાખીએ છીએ. ઉપરોક્ત પ્રયત્ન કરવા માટે પૂજ્ય કૃપાળુ વિદ્વાન મુનિરાજ શ્રી **જમ્બૂવિજયજી** મહારાજનો સભા આભાર માને છે.

( શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર. )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જ્ઞાન પ્રદીપ ભાગ બીજો.

## લેખક—આચાર્ય શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ.

જ્ઞાનના પરિપાકરૂપે ધાર્મિક, નૈતિક અને સામાજિક વિષયો, લેખો કે જે સંસારમાં અટવાયેલા મનુષ્યને સાચી માનવતાનો રાહ બતાવનાર, આબાલવૃદ્ધ સર્વ જનસમૂહને હૃદયસ્પર્શી થતાં મનનપૂર્વક પઠન–પાઠન કરનારને બોધપ્રદ અને સાથે આત્મિક આનંદ થવા સાથે મનુષ્ય જન્મની કેમ સફલતા થાય તેવી રીતે સુંદર સુગંધી પુષ્પમાળારૂપે ગુંથી સાદી, સરલ, રોચક ભાષામાં તૈયાર કરવામાં આવેલ છે. પ્રથમ ભાગની એટલી બધી પ્રશંસા થઈ હતી કે તેનો બીજો ભાગ જલદી પ્રકટ કરવા ઉપરા ઉપર માંગણી થતાં આચાર્ય મહારાજની કૃતિના નવા ૩૭ વિવિધ વિષયોનો સમૂહ છે તે પ્રકટ કરવામાં આવેલ છે. તેની કિંમત રૂા. ૪) છે. વિશેષ લખવા કરતાં વાંચીને લાભ લેવા નમ્ર સૂચના છે.

---

# ૧ મહાસતી શ્રી દમયંતી ચરિત્ર.

( ઘણી થોડી નકલો સિલિકે રહી છે. )

## શ્રી માણિકચંદ્રદેવસૂરિ વિરચિત મૂળ ઉપરથી અનુવાદ. સચિત્ર.

પૂર્વનો પૂણ્યયોગ અને શીલનું માહત્મ્ય સતી શ્રીદમયંતીમાં અસાધારણ હતું, એ અસાધારણ શીલના પ્રભાવવડેના ચમત્કારિક અનેક પ્રસંગો, વર્ણનો સાથે નળરાજા પ્રત્યે અપૂર્વ પતિભક્તિ, પ્રતિજ્ઞાપાલન, તે વખતની રાજ્યનીતિ, સતી દમયંતીએ વન નિવાસના વખતે, આવતા સુખ દુઃખે વખતે ધીરજ, શાંતિ રાખી કેટલાયે મનુષ્યોને ધર્મ પમાડેલ છે. તેની ભાવભરીત ને તેમજ પુણ્યશ્લોક નળરાજાના પૂર્વના અસાધારણ મ્હોટા પુણ્યબંધના યોગે તેમના માહાત્મ્ય, મહિમા, તેમના નામ સ્મરણથી મનુષ્યોને થતા લાભો વગેરેનું વર્ણન આ ગ્રંથમાં આપ્યું છે. બીજી અંતર્ગત સુબોધક કથાઓ પણ આપવામાં આવેલી છે. ફોર્મ ૩૯ પાના ૩૧૨ સુંદર અક્ષરો, સુંદર બાઇંડીંગ કવર જેકેટ સહિત કિંમત રૂા. ૭–૮–૦ પોસ્ટેજ જુદું.

---

# શ્રી શ્રેયાંસનાથ જિનેશ્વરનું સચિત્ર ચરિત્ર.

પૂર્વાચાર્ય શ્રી માનતુંગસૂરીશ્વરજી રચિત શુમારે પાંચ હજાર ઉપરાંત શ્લોક પ્રમાણ સંસ્કૃત ભાષામાં રચેલ આ અનુપમ કૃતિનો ગુજરાતીમાં અનુવાદ ( ગ્રંથ ) છપાય છે. ઊંચા કાગળો, સુંદર ગુજરાતી ટાઈપો, સુમારે સાડાત્રણસેં ઉપરાંત પાનાઓ, પ્રાચીન કલાની દૃષ્ટિએ સુંદર પરિકર સાથેનો, પ્રભુનો ફોટો, શાસનદેવ સહિત પ્રભુનો ફોટો, શ્રી સમેત્તશિખર નિર્વાણ પામ્યાના વખતનો, મેરૂપર્વત જન્માભિષેકનો, જ્યાં પ્રભુના ચાર કલ્યાણો થયા છે તે, સિંહપુરી નગરના વર્ણન સહિતનો અને સુંદર કવર જેકેટનો અને પરમ ગુરૂદેવશ્રી આત્મારામજી મહારાજનો વગેરે સર્વ રંગીન આર્ટ પેપર ઉપર સુંદર ફોટાઓ સાથે અને અલંકૃત બાઇંડીંગ સાથે પ્રગટ થશે. આ ગ્રંથમાં આર્થિક સહાય આપનાર પુણ્યવંત ભાગ્યશાળી શ્રીમંત જૈન બ્હેનો કે બંધુઓનો પણ ફોટો જીવનચરિત્ર સાથે આ ચરિત્રમાં આપવામાં આવશે. સુકૃતની લક્ષ્મીનો જ્ઞાનોદ્ધારજ્ઞાનભક્તિ માટે અવશ્ય લાભ કોઇ પણ પરમ શ્રદ્ધાળુ આત્માએ ખાસ લેવા જેવું છે. જીવનમાં આવો જ્ઞાનભક્તિનો પ્રસંગ સુકૃત લક્ષ્મી અને પૂર્વના પુણ્યયોગે જ મળી શકે છે. આ જ્ઞાન અને પ્રભુભક્તિના ઉત્તમ કાર્ય માટે કોઇ પુણ્યપ્રભાવક જૈન બંધુઓની આર્થિક સહાયની જરૂર છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## શ્રી વર્તમાન ચોવીશીના જિનેશ્વર ભગવંતોનાં સંક્ષિપ્ત (સચિત્ર) જીવન ચરિત્રો.

વિદ્વાન પૂર્વાચાર્ય શ્રી અમરચંદ્રસૂરીશ્વરજીએ સંવત ૧૩૪૯ ની સાલમાં રચેલ, શ્રી આદિનાથ પ્રભુ આદિ ચોવીશ તીર્થંકર ભગવંતોના સંક્ષિપ્ત જીવન ચરિત્રો સાદા સરલ અને ટુંકા છે. તેમાં (જિનેન્દ્ર ભગવંતો) ના વિવિધ રંગના શાસન દેવદેવીઓ સહિતના ફોટાઓ, તેમજ રેખા ચિત્રો રંગીન મુકી ગુજરાતી ભાષાંતર છપાવવાનું કાર્ય શરૂ થયું છે. જેમાં ચરિત્રો સાથે પરમાત્મા પચ્ચીશી પરમાત્મા જ્યોતિ પચ્ચીશી, શ્રી વીતરાગ સ્તોત્ર અને શ્રીમાન હરિભદ્રસૂરિકૃત પ્રથમ અષ્ટક મૂળ અનુવાદ સાથે આ ચરિત્ર ગ્રંથમાં આપવામાં આવશે. આ ચરિત્ર ગ્રંથ પુણ્યપ્રભાવક ઝવેરી શેઠ **ભોગીલાલભાઈ** રીખબચંદે સુકૃતની મળેલી લક્ષ્મીની સહાયવડે આ જ્ઞાન ભક્તિના કાર્ય માટે આર્થિક સહાય આપેલ છે. તે માટે આભાર માનવામાં આવે છે.

---

## આદર્શ જૈન સ્ત્રી રત્નો ભાગ બીજો.

જન સમુહનું કલ્યાણ કરનારા મહાન્ પૂર્વાચાર્ય મહારાજાઓ રચિત કથનુયોગ (કથા સાહિત્ય) માંથી પુષ્પો લઇ જુદી જુદી આદર્શ (જૈન સ્ત્રી રત્નો) **શીલવતી** વગેરે પવિત્ર આઠ રમણીઓનું સુંદર, રસિક, બ્હેનો માટે આદરણીય, અનુકરણીય, સ્ત્રી-ગૃહિણી અને પવિત્ર સ્ત્રી રત્નો થવા માટે આ સતી ચરિત્રો આલંબન રૂપ હોવાથી પ્રકાશન કરેલ છે. દરેક સતી ચરિત્રોનું પઠન, પાઠન કરતાં અનેક વિધ આદર્શો અનુપમ રીતે જોવાય છે. વિશેષ લખવા કરતાં વાંચકને મનન પૂર્વક વાંચવા નમ્ર સુચના છે. ટાઇપો અને સારા કાગળ ઉપર સરલ ગુજરાતી ભાષામાં મજબુત અને આકર્ષક બાઇન્ડીંગથી તૈયાર કરવામાં આવેલ છે. કિંમત રૂા. ૨-૦-૦ પોસ્ટેજ અલગ. ફકત જુજ નકલો સીલીકમાં છે.

---

## નીચેના સંસ્કૃત તથા ગુજરાતી ભાષાના ગ્રંથો

(ઘણી જ થોડી નકલો સિલિકે ફરી મળવા સંભવ નથી.)

### સંસ્કૃત ગ્રંથો

| | | | |
|---|---|---|---|
| જૈન મેઘદૂત | ૨-૦-૦ | કર્મગ્રંથ ભાગ ૨ | ૪-૦-૦ |
| પ્રકરણ સંગ્રહ | ૦-૮-૦ | કથારત્નકોષ | ૮-૮-૦ |

### ગુજરાતી ગ્રંથો

| | | | |
|---|---|---|---|
| કુમાર વિહાર શતક | ૧-૮-૦ | સંઘપતિ ચરિત્ર | ૬-૮-૦ |
| જૈન ગૂર્જર કાવ્ય સંગ્રહ | ૨-૧૨-૦ | વસુદેવ હિન્દી ભાષાંતર | ૧૫-૦-૦ |
| વિજયાનંદસૂરી | ૦-૮-૦ | શ્રી શાન્તિનાથ ચરિત્ર | ૭-૮-૦ |
| પંચપરમેષ્ઠી ગુણરત્નમાળા | ૧-૮-૦ | આદર્શ સ્ત્રીરત્નો ભાગ ૨ | ૨-૦-૦ |
| કાવ્ય સુધાકર | ૨-૮-૦ | જ્ઞાનપ્રદીપ ભાગ ૨ | ૪-૦-૦ |
| સુપાર્શ્વનાથ ચરિત્ર ભાગ ૨ | ૨-૮-૦ | આચાર ઉપદેશ | ૧-૦-૦ |
| વીશસ્થાનક પૂજા (અર્થ સહીત) | ૧-૪-૦ | આત્મકાન્તિ પ્રકાશ | ૦-૪-૦ |
| ધર્મબિન્દુ | ૩-૦-૦ | જ્ઞાનામૃત કાવ્યકુંજ | ૧-૦-૦ |
| તત્વનિર્ણય પ્રાસાદ | ૧૦-૦-૦ | બ્રહ્મચર્ય પૂજા | ૦-૪-૦ |

મુદ્રક : શાહ ગુલાબચંદ લલ્લુભાઇ શ્રી મહોદય પ્રિન્ટિંગ પ્રેસ : દાણાપીઠ-ભાવનગર.

For Private And Personal Use Only